॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૪૨૮ જુલાઈ - ૨૦૨૧ રૂા. ૫/૦૦



શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર શ્રીઘનશ્યામ મહારાજનો ૧૧ મો વાર્ષિક પાટોત્સવ ગામ નારણપર ની.વા.ના પ.ભ. અરજણભાઈ આદિ વેકરીયા પરિવાર દ્વારા ધામધૂમથી ઉજવાયો. સાથે સુવર્ણ આરતી તથા સુવર્ણ નંગ જડીત છડી અર્પણ કરાયા - ભુજ



ભુજ મંદિર દ્વારા ગુજરાતના વાવાઝોડાના અસરગ્રસ્ત રાજુલા, પીપાવાવ વગેરે ગામોમાં ૭૫ હજાર નંગ નળિયાનું વિતરણ કરાયું.















**શ્રી સુખશય્યા સુવર્ણ દ્વાર ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ, સંહિતા પાઠ,**
**શ્રી જનમંગલયાગ તેમજ ગરીબોને રાસન વિતરણ વગેરેનું આયોજન કરાયું. - માંડવી**



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૭ કુલ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૯ અંક-૧૨ જુલાઈ-૨૦૨૧
વર્ષ : ૩૭ - સળંગ અંક-૪૨૮

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ, શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીન: ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith


## અનુક્રમણિકા


- તંત્રીની કલમે ૪
- શિક્ષાપત્રી ૫
- રથયાત્રા ૬
- સકારાત્મક શિક્ષણથી દેશનો વિકાસ ૭
- ખાખી બાવોને ઠપકો!! ૮
- હિંડોળા ઉત્સવ ૧૦
- ગુરુપૂર્ણિમા–વ્યાસપૂર્ણિમા ૧૨
- વચનામૃત એટલે? ૧૪
- દેવશયની એકાદશી ૧૬
- હૃદય પરિવર્તન ૧૮
- એકાદશીની ઉત્પત્તિ કથા ૧૯
- ચાર પગથિયાં ૨૧
- સંત્સગ સમાચાર-દેશ ૨૪
- શ્રીઘનશ્યામ બાળસંદેશ ૩૨


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર–અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

# તંત્રીની કલમે



સ્વામી ખરલામાં કંઈક ઘૂંટી ઘૂંટીને બાજુમાં મુકેલા જળપાત્રમાં ઠલાવીને ઓગાળતા હતા. સંતના સાંનિધ્યમાં બેઠેલો યુવાવર્ગ ખુશખુશાલ હતો અને સ્વામીની આ ક્રિયાને કૂતહલથી નિહાળી રહ્યો હતો. પ્રગતિશીલ આ યુવાવર્ગની ચારે કોર ચર્ચા હતી. આ યુવાવર્ગે તાજેતરમાં સમાજમાં વીતેલા કપરા અને મુશ્કેલ સમયમાં નિઃસ્વાર્થ ભાવે તન, મન, ધન અને લગનથી તનતોડ પરિશ્રમ કરી સમાજની સેવા અને સહાયતા કરી હતી. પરિણામે અનેક સંસ્થાઓએ સન્માન કાર્યક્રમો યોજી ભરપૂર પ્રશંસા કરી, શાબાશી સાથે અભિનંદન આપી સન્માન્યા હતા. તેથી સૌ ખુશ હતા.

''સ્વામી, આપશો શું કરી રહ્યા છો?'' પ્રશ્ન પૂછાયો, સ્વામીએ સસ્મિત વદને જણાવ્યું, ''હું અહંકારને ઘૂંટી ઘૂંટીને ભક્તિરસમાં ઓગાળી રહ્યો છું. જેથી પરમતત્ત્વની પ્રસન્નતા પ્રાપ્ત થાય!''

પ્રગતિ, પ્રસન્નતા, પ્રશંસા, પ્રસિદ્ધિનો મદ યુવકોની એક આંખમાં દેખાતો હતો તો બીજી આંખમાં રહેલ ભક્તિભાવની ખુમારીનો તેજ અને પ્રભુના સામિપ્યને પામવાની ઉત્કંઠા સહેજ ઝાંખી પડી હોય તેવું લાગતું હતું. તેથી સ્વામી આ ક્રિયા કરી રહ્યા હતા!

પ્રગતિના કારણે પ્રસન્નતા અનુભવાય તે સ્વાભાવિક છે, પરંતુ પ્રગતિના કારણે પ્રાપ્ત થતી પ્રસિદ્ધિ અને પ્રશંસા પચાવવા બહુ કઠિન છે. કારણ કે આ બાબતને ગૌરવ કરતાં ગર્વની બાબત સમજનારા ઘણા લોકો છે. ગર્વ, અભિમાન અને અહંકાર આ ત્રણેય શબ્દો એક સમાન લાગે છે પરંતુ આ ત્રણેયના પ્રકાર અલગ છે, તેમજ તેમનાં પરિણામો પણ ભિન્ન છે. આ ત્રણેય માનવ મનમાં ઉદભવે છે અને તેના ઉદ્ભવનું કારણ પ્રેમ છે, સ્વયંથી પોતાની જાતથી પ્રેમ. પોતાની જાત પ્રત્યેનો પ્રેમ પોતે શ્રેષ્ઠ હોવાનો ભાવ જાગૃત કરે છે. પરિશ્રમ આપણા મનમાં ગર્વને જન્મ આપે છે અને સફળતા અભિમાન જગાડે છે. અહીં સુધી તો ઠીક છે પરંતુ આ ભાવના મદમસ્ત થઈને અહંકાર બની જાય છે ત્યારે સમસ્યા બની જાય છે. પુરાણો, શાસ્ત્રો અને ઈતિહાસ સાક્ષી છે કે સૌથી ખરાબ અંત અહંકારીનો જ આવે છે. પરંતુ મનુષ્યની મૂંઝવણ એ છે કે અહંકાર જાગી ગયો છે એની ખબર કેવી રીતે પડે? ભીતર રહેલા અહંકારને ઓળખવો કેવી રીતે? જ્યાં સુધી આપ સ્વયંથી પ્રસન્ન છો, શ્રેષ્ઠ થવાના પ્રયાસ કરો છો ત્યાં સુધી વાંધો નથી પરંતુ જ્યારે આપના મનમાં અન્ય લોકો તુચ્છ છે, હીન છે, તમારી સમક્ષ તેમની કોઈ ઔકાત નથી એવા ભાવ આવવા લાગે ત્યારે સાવધાન થઈ જવું કારણકે આ જ અહંકાર છે. જે વાસ્તવમાં અન્યને નહીં પરંતુ પોતાને જ તુચ્છ અને હીન બનાવી દઈ અધોગતિ તરફ દોરી જાય છે, અંતે વિનાશ સર્જાય છે.

અહંકારી લોકો પ્રભુની પ્રસન્નતા ક્યારેય પ્રાપ્ત કરી શકે નહીં. ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ પંચાળા પ્રકરણ ૫ ના વચનામૃતમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, ''ભગવાન અને ભગવાનના સંતની આગળ માનને મૂકીને દાસાનુદાસ થઈને વર્તવુ રૂડું છે.'' અહંકારને ત્યાગી નિર્માનીપણાના ભાવ સાથેની ભક્તિથી જ શ્રીજી મહારાજનું સામિપ્ય પ્રાપ્ત થાય છે. માટે માન ગુમાનમાં પરિવર્તિત થઈને ભગવાનથી વિમુખ કરી દે તે પહેલાં સંપૂર્ણ દાસત્વભાવ સાથે શ્રી હરિને સમર્પિત થઈ જઈએ અને શ્રી સહજાનંદ સ્વામીના અમૃતવચનને નિષ્ઠાપૂર્વક અનુસરી નિર્માની બની ભક્તિરસમાં ઓગળી જઈએ. એક સંત કવિએ સાચું કહ્યું છે કે.

''જબ મૈં થા તો હરિ નાહીં, જબ હરી હૈં તો મૈં નાહીં,
એક મ્યાનમેં દો ખડગ, દેખા સુના ના કાની''

અર્થાત્ હૃદયમાં મૈં (ઘમંડ) હોય તો ત્યાં હરિનો વાસ નથી હોતો. જ્યારે મનમાં ભગવાન સ્થાપિત થઈ જાય તો ત્યાં ''મૈં'' ને કોઈ સ્થાન નથી. જેવી રીતે એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે તેવી રીતે હૈયામાં હરિ અને ''હું'' સાથે ન રહી શકે.

સ્વામી ખરલમાં અહમ્‌ને ઘૂંટતા ગયા અને યુવાવર્ગની બંને આંખોમાં ભક્તિની ખુમારીનો તેજ વધતો ગયો અને નિર્માનીપણાનો ભાવ પ્રબળ થતો ગયો.

જય શ્રી સ્વામિનારાયણ...!

# શિક્ષાપત્રી

હિંમતભાઈ ઠક્કર - રઘુવંશી



શિક્ષાપત્રી શ્લોકઃ ૫૬

ષોડશોપચારપૂજા, માળા ફેરવવાની અદ્‌ભુત કળા

શૈલી વા ધાતુજા મૂર્તિઃ શાલગ્રામોડર્ચ્ય એવ તૈઃ ।
દ્રવ્યૈર્યથાપ્તૈઃ કૃષ્ણસ્ય જપ્યોડથાષ્ટાક્ષરો મનુઃ ॥

"મારા આશ્રિત આત્મનિવેદી ભક્તજનો હોય તેમણે માનસી પૂજા કરી લીધા પછી પથ્થરમાંથી બનાવેલી ભગવાનની મૂર્તિ હોય કે ધાતુની મૂર્તિ હોય અથવા તો કેવળ શાલિગ્રામ હોય તેમની મંત્ર પૂર્વક ચંદનાદિક ષોડશોપચોરો વડે પૂજા કરવી. અને ત્યાર પછી શ્રી કૃષ્ણના અષ્ટાક્ષર મંત્રનો જપ કરવો".

શતાનંદ સ્વામી પ્રબોધે છે કે નિષ્ઠાવાન ને ઊંડી ભાવનાત્મકતા અનિવાર્ય છે. તેથી પરમાત્મામાં આત્મીયતા ઉત્કૃષ્ટ થાય છે. એકાત્મકતા વ્યાપક બને છે.

શાલીગ્રામ પૂજાના નિયમો

★ પૂજવા યોગ્ય શાલિગ્રામ હોય તોય, પૂજા કરવી નહીં
★ ચાર, છ, આઠ એમ શાલીગ્રામ પૂજી શકાય.
★ એકી સંખ્યામાં માત્ર એક જ પૂજવા ત્રણ પાંચ સાત ના પૂજાય.
★ ચક્રાંકિત શાલીગ્રામ ખંડિત પણ પૂજી શકાય. ખંડિત મૂર્તિ પૂજી શકાય નહીં.

ષોડશોપચારની પૂજાની નિયત શાસ્ત્રોકત ક્રમ બદ્ધતા

★ પ્રથમ ધ્યાન અને આહ્વાન કરવું.
★ પછી બિરાજવા આસન ધરવું.
★ ચરણકમલ જલ પ્રક્ષાલન કરવું. (ચરણ ધોવળાવવા)
★ કોગળા માટે જલ અર્પણ કરવું. (મુખ ધોવળાવવું)
★ સ્નાન, વસ્ત્રો, યજ્ઞોપવીત પહેરાવવા.
★ અલંકાર, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, અર્પણ કરવા.
★ આરતી પુષ્પાંજલિ પ્રદક્ષિણ કરવાં.
★ સાષ્ટાંગ દંડવત્, સ્તુતિ કરવાં.
★ વિધિવત્ વિસર્જન કરવું.

" ષોડશોપચાર પૂજન વિધિ,
સત્સંગીને ભલે સર્વવિદિત,
સ્મરણશક્તિ બને પુનર્જીવિત,
ભૂલથી બચાવે ઉત્તમ વિધિ"

સાવધાન! પ્રતિમામાં સાક્ષાત્ ભગવાન બિરાજે છે.

"સભ્યતા ભક્તની સુષ્લિષ્ઠતા,
અસભ્યતા સર્વદા વર્જયતે,
પ્રભુ ભક્તોનું સર્વોત્તમ તાદાત્મ્ય,
શાસ્ત્રાજ્ઞા બની સર્વદા પ્રવર્તતે"

પછી શ્રીકૃષ્ણાષ્ટાક્ષર ગુરુમંત્ર વિધિવત્ જપવો. થોડાક નિયમો વાગોળીએ.

"જપકર્તાની બેઠક ટટ્ટાર,
મૂલાધારથી બ્રહ્મરંધ્ર કરોડરજ્જુ સ્થિર,
માળા ગૌમુખીમાં ઊર્જા સર્જે,
મંત્ર ફળે તન તેજસ્વી કરે"

મંત્રજાપ વખતે ભૌતિક શરીરમાં શારીરિક રાસાયણિક, વિદ્યુત ચુંબકીય ઊર્જા મૂલાધારથી સહસ્ત્રદલ અને જપનારનું કૌશલ્ય વધતાં સહસ્ત્રદલથી પણ આરપાર અનંતબ્રહ્માંડમાં દિવ્યશક્તિ ઉડાન ભરી ભગવાનના ધામ સુધી જઈ ટકોરા પાડે છે....! કરે તેને જ અનુભવે અહેસાસ થાય. તેના સમાચાર 'મીડિયા' માં ના આવે પણ સદ્‌ગુરુ સ્વરૂપે દેદીપ્યમાન થાય ખરા.

વિષ્ણુ ધર્મોત્તરે પ્રબોધ્યું છે કે, કૃષ્ણ, હરિ, સ્વામિનારાયણ જેવાં મંગલ નામો રટનાર ભક્તના મહાપાપોની કોટીઓ પણ તત્કાળ બળીને ભસ્મ થાય છે. નૃસિંહપુરાણમાં નૃસિંહ ભગવાને કહ્યું છે કે 'કૃષ્ણ કૃષ્ણ' નામનો જે નિત્ય જાપ કરે છે તેને હું જળને ભેદીને જેમ કમળ તત્કાળ બહાર આવી જાય છે તેમ સંસારમાં હળાહળ ઝેરથી ગ્રસિત તમારા નામ જપનારને મુક્ત કરું છું. ભગવાનના નામમાં અર્થવાદની કલ્પના કરવીજ નહીં. આમ ભગવાનનું નામ, વેદ, પુરાણ, પ્રાકૃત ગ્રંથમાં હોય તો પણ સ્વભાવ સિદ્ધ બળવાન જ છે. શ્રીકૃષ્ણાષ્ટાક્ષર મંત્રને પણ વૈદિકપણાની અપેક્ષા નથી.

''માળા મળે મનગમતી પણ,
સત્ત્વ રજ, તમ ફેરવો તેવી ફળે,
સર્વ માટે શ્રેષ્ઠ તુલસીના પારા
રૂપું, સોનું પણ તેથી ના ચડે.''

માળાનું પ્રયોજન માત્ર મંત્ર ગણનાનું નથી. આપણા સંપ્રદાયમાં માળાને મંત્રજાપ ચરમસીમાએ, ક્ષણે-ક્ષણને આવરી લે છે. અંગ્રેજી કહેવત છે કે ''ટાઈમ ઈઝ મની પણ શ્રી હરિ કહે છે કે મંત્ર ઈઝ મોર ધેન મની એન્ડ ટાઈમ''

''મારા કર્મ બંધન બાળે,
હરિધામના દર્શન કરાવે,
મોંઘા મનખાને ઊર્ધ્વ ચડાવે,
સાત્ત્વિક માળા મોક્ષ અપાવે.''

શતાનંદ સ્વામી પ્રબોધે છે માત્ર ભગવાનની પ્રસન્નતા માટે જ પૂર્ણ ઉત્સાહથી જાપ કરવો.

---

# રથયાત્રા

રથયાત્રાના ઉત્સવને મહાતીર્થ જગન્નાથપુરી સાથે અવિચ્છિન્ન સંબંધ છે. દર વર્ષે સમગ્ર વિશ્વમાં બેનમૂન કરી શકાય તેવી ભવ્ય રથાયાત્રા આ દિવસે સંભવ થાય છે.

ત્રણ વિરાટ રથ બનાવવામાં આવે છે. જેમાં ઈષ્ટમૂર્તિ બલભદ્ર, કૃષ્ણ અને સુભદ્રાને પધરાવવામાં આવે છે. આમાં પ્રથમ નામ તાલધ્વજ હોય છે. જેમાં બલભદ્ર-બલરામ બિરાજે છે. આ રથ ૧૪ મીટર ઊંચો હોય છે, લીલ રંગનો હોય છે તેને ૧૪ પૈડાં હોય છે. નંદીઘોષ નામના બીજા રથને ૧૬ પૈડાં હોય છે, જેનો રંગ પીળી ધરી વાળા પૈડાં સાથે લાલ હોય છે. ત્રીજો સુભદ્રાનો રથ છે. જેનું નામ છે દર્પદલન, જેને ૧૨ પૈડાં હોય છે અને તે ૧૨ મીટર ઊંચો હોય છે.

રથયાત્રાને દિવસ માટે આ ત્રણેય રથો દર વર્ષે નવા જ બનાવવામાં આવે છે. અખાત્રીજથી તેમાં નિર્માણનું કાર્ય શરૂ થઈ જાય છે.

જેઠ સુદ પૂર્ણિમાએ આ ત્રણેય મૂર્તિઓને પૂર્ણ સ્થાન કરવામાં આવે છે. ત્યારથી ૧૫ દિવસ માટે દર્શન બંધ રહે છે. કારણ કે સ્નાન બાદ ભગવાનનું સ્વાસ્થ્ય નરમ ગરમ રહે છે તેવું માનવામાં આવે છે. આ સમય દરમ્યાનને ઔષધો સાથે ભગવાનને હળવો ખોરાક જમાડવામાં આવે છે.

અષાઢ સુદ બીજને દિવસે મન મોકળું કરવા ભગવાન નગરયાત્રા કરવા નીકળે છે. જે રથયાત્રા સ્વરૂપે સંપન્ન થાય છે. ત્રણે મૂર્તિઓને ઉપરોક્ત જણાવ્યા તે મુજબ રથમાં પધરાવવામાં આવે છે. પૂરીના રાજા સુવર્ણથી રથાયાત્રાનો માર્ગ વાળે છે. ત્રણે રથોને હજારો મનુષ્યો ખેંચે છે. રથયાત્રા દ્વારા મૂર્તિઓને ૩ કિમી દૂર જનકપુરી-ગુંડીચા મંદિરે લઈ જવામાં આવે છે. અહીં ભગવાનના માસીનું ઘર છે. ભગવાન અહીં ૭ દિવસ રોકાય છે. પછી પુનઃ રથયાત્રા દ્વારા ભગવાનને જગન્નાથ મંદિરમાં લાવવામાં આવે છે. જેને 'બાહુડા યાત્રા' અથવા 'વળતી યાત્રા' કહેવામાં આવે છે.

# સકારાત્મક શિક્ષણથી દેશનો વિકાસ

ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી

એક દિવસ બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયના પ્રણેતા મહામના પંડિત મદનમોહન માલવીયા વિદ્યાલયના વર્ગખંડમાં યુવાવિદ્યાર્થીઓને પૂછ્યું દેશનો વિકાસ કઈ રીતે વેગવાન બને ? ત્યારે વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓમાંથી એકે કહ્યું, જો દેશમાં મોટા મોટા ઉદ્યોગો નાખવામાં આવે તો દેશનો વિકાશ જલ્દી થાય છે. બીજાએ કહ્યું દેશમાં બધા લોકો ખૂબજ કામ કરતા થઈ જાય તો દેશનો વિકાસ ઝડપી બને. ત્રીજાએ કહ્યું જો દેશના બધાજ લોકો ખેતીકામમાં લાગી જાય તો જ દેશનો વિકાસ વેગવાન બને. ચોથાએ કહ્યું સરકાર બધાને ધંધા માટે યોગ્ય આર્થિક મદદ કરે તો દેશમાં વિકાસ થાય. આ રીતે બધા યુવા વિદ્યાર્થીઓએ પોત-પોતાનાં મંતવ્યો આપ્યાં. બધાનાં મંતવ્યો સાંભળીને પંડિત મદનમોહન માલવીયા એ કહ્યું તમારાં મંતવ્યો સાચાં તો છે, પરંતુ અપૂર્ણ છે. દેશના વિકાસના પાયામાં જેનું મુખ્ય યોગદાન રહેલું છે એના વિષે કોઈએ મંતવ્ય ન આપ્યું. તેથી સાંભળો, હું તમોને દેશના વિકાસના પાયાની વાત કરું છું. તમોએ જે મંતવ્યા આપ્યાં તેમાં સૌથી મહત્ત્વની ભૂમિકા સાચા શિક્ષણની છે. શિક્ષણવિના ઉદ્યોગો નહિ સ્થાપી શકાય, શિક્ષણ વિના લોકો ખૂબ કઠિન કામ પણ કરશે પરંતુ તે કામમાં સફળતા ઓછી મળશે, શિક્ષણ વિના ખેતીમાં પણ વધારે મહેનત અને ઓછો લાભ મળે છે. તેથી જે દેશમાં શિક્ષા જેટલી વધારે એટલા જ વેગથી દેશનો વિકાસ થાય છે. વિશ્વના દેશમાં આપણે જોઈએ છીએ જે દેશમાં લોકો વધારે શિક્ષિત છે તે દેશમાં વિકાસ વધારે દેખાય છે. અને જે દેશના લોકોમાં શિક્ષણ ઓછું છે તે દેશની વિકાસ યાત્રા ધીમી ગતિએ ચાલે છે. તેથી દેશના વિકાસમાં સૌથી મહત્ત્વનું સ્થાન શિક્ષાનું હોય છે. કોઈ પણ દેશના વિકાસની ગતિને રોકવી હોય તો તે દેશના શિક્ષણ વ્યવસ્થાને અસ્તવ્યસ્ત કરી નાખો તો દેશનો વિકાસ આપોઆપ રોકાઈ જશે અને જો વિકાસ કરવો હોય તો તે દેશમાં શિક્ષણનો વ્યાપ વધારો તો આપો આપ દેશ સર્વરીતે વિકાસની દૃષ્ટિએ આગળ થઈ જશે.

આપણા ભારતદેશની વાત કરીએ તો એક સમયે એવો હતો કે વિશ્વમાં ક્યાંય મહાન વિશ્વવિદ્યાલયો ન હતાં ત્યારે ભારત દેશમાં વિશ્વમાં સૌથી મોટી અનેક વિશ્વવિદ્યાલયો હતાં. નાલંદા, તક્ષશિલા, વિક્રમશિલા, વલ્લભી, ઉદાંત પુરી, સોમપુરા, પુષ્પગિરી, શારદા પીઠ, મળિખેત, કાંચીપુરમ, નાગાર્જુકોંડા, જગદદલા જેવી વિશ્વ પ્રસિદ્ધ વિદ્યાલયો હતાં. જેમાં સમગ્ર વિશ્વના દેશના વિદ્યાર્થીઓ ભણવા માટે આવતા હતા. ઓગણીસમી સદીમાં ૧૯૧૬માં પંડિત મદનમોહન માલવીયા દ્વારા બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયની સ્થાપના થઈ. શિક્ષણક્ષેત્રમાં ભારતદેશ ઘણો આગળ હતો, તેથી જ આ દેશ એક સમયે સોનાની ચિડીયા કહેવાતો હતો. જેમ જેમ વિદેશી આક્રમણકારી શાસકોએ આ દેશમાં આક્રમણ કરતા કરતા દેશના અંદરસુધી આવતા ગયા અને દેશના ભૂભાગને કબ્જે કરવા માટે સૌ પ્રથમ દેશની મજબૂત ગણાતા શિક્ષણ સ્થાનો એવાં વિશ્વવિદ્યાલયો ઉપર પહેલું આક્રમણ કર્યું અને શિક્ષા વ્યવસ્થાને છિન્નભિન્ન કરવાનો પ્રયાસ કર્યો હતો. વિદેશી આક્રમણ કરતા રાજાઓ જેટલા શિક્ષણસ્થાનોને નષ્ટ કરવામાં સફળ થયા તેટલા દેશના ભાગને સ્વાધીન કરવામાં સફળ થયા. તેથી એવું નક્કી થાય છે તે દેશનો વિકાસ અને વિનાશ તે દેશના લોકોમાં રહેલ શિક્ષણ ઉપર ઘણું નિર્ભર રહે છે. આપણો ભારતદેશ ઘણા વર્ષોથી ખાટા-મીઠા અનુભવોથી પસાર થયો છે. અનેક પ્રકારના આક્રમણોને ઝીલતો આવ્યો છે. અનેક દેશવાસીઓના ઘણા વર્ષોથી બલીદાનો આપ્યા પછી આજે આપણે આઝાદ થયા છીએ. હવે આ દેશને કઈ દિશામાં લઈ જવો એ આપણા હાથમાં છે. તેથી

પ્રાચીન ઈતિહાસ અને ઐતિહાસિક ઘટનાઓને જોઈને એવું નક્કી જ છે કે શિક્ષણ જ દેશને વિકાસ તરફ ગતિ કરવા માટે પાયારૂપ છે.

ભારત દેશના પ્રાચીન કાળમાં જે તે ભાગમાં જે જે રાજાઓ, ધાર્મિક સંતો તથા મઠ મંદિરો દ્વારા પોતાના રાજ્યમાં જે જે પ્રાન્તોમાં શિક્ષણની સંસ્થાઓ અર્થાત્ પાઠશાળાઓની સ્થાપના કરી હતી તે પ્રાન્તોનો પ્રાચીન ઈતિહાસ જોઈએ અને તે પ્રાન્તોની વર્તમાન સ્થિતિ જોઈએ તો ચોક્કસ જોઈ શકાશે કે તે પ્રાન્તો આજે પણ વિકાસક્ષેત્રમાં આગળ હશે. એજ રીતે વર્તમાન સમયમાં જોઈએ તો જે રાજ્યોમાં શિક્ષણ અધિક હશે તે રાજ્ય આજે પણ અન્ય રાજ્ય કરતાં વિશેષ પ્રગતિશીલ હશે. બીજુ એક નાનું ઉદાહરણ જોઈએ. આ દેશમાં સંપ્રદાયો અને સંસ્થાઓ અનેક ચાલે છે. જે સંપ્રદાયના કે સંસ્થાઓના અનુયાયીઓ શિક્ષિત હશે તે સંપ્રદાય કે સંસ્થાનો વિકાસ નજરે દેખાઈ આવશે. ઈસ્કોન (હરેકૃષ્ણ હરેરામ) સંપ્રદાય જોઈએ કે પછી શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય તેમજ રામકૃષ્ણ મીશન જેવી અનેક સંસ્થાઓ અને સંપ્રદાયમાં તેમના સંતો ખૂહજ સારું ભણેલા હોય છે અને અનુયાયી વર્ગ પણ ભણેલો હોય છે. તેથી વિશ્વના મોટા ભાગના દેશમાં આ સંપ્રદાયોએ પોતાનું સ્થાન સ્થાપ્યું છે. ખાસ કરીને સ્વામિનારાયણ સંપ્રદાયે તો સમગ્ર ભારતદેશમાં ત્રણસોથી વધારે ગુરુકુળોની સ્થાપના કરીને તમામ સમાજના વિદ્યાર્થીઓને સંસ્કાર સાથે આધુનિક શિક્ષણ આપી રહ્યા છે. સમાજની વાત કરીએ તો અનેક જુદા જુદા જ્ઞાતિ બંધુઓના સમાજો છે. જે સમાજના લોકો શિક્ષિત હશે તે સમાજ આજે પણ અન્ય સમાજ કરતાં આર્થિક એવં ઉદ્યોગ આદિ દરેક ક્ષેત્રમાં વધારે આગળ હશે. જેમ કે કચ્છી લેવા પટેલ સમાજ, પાટીદાર સમાજ, લોહાણા મહાજન સમાજ, આહિર સમાજ જેવા અનેક સમાજો શિક્ષણ પ્રત્યે સકારાત્મક અભિગમ અપનાવીને સમાજમાં શિક્ષણ સંસ્થાઓની સ્થાપના કરીને શિક્ષણનો વ્યાપ વધાર્યો છે, તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી રહ્યા છે. શિક્ષણની પ્રવૃત્તિને કારણે આ સંસ્થાઓ તેમજ આ સમાજો અનેક રીતે આગળ વધી રહ્યા છે. આ પ્રત્યક્ષ ઉદાહરણ આપણે જોઈ શકીએ છીએ. તેથી શિક્ષણ ઉપર વિશેષ ધ્યાન આપીને સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારશું તો દેશની મોટી સેવા કરી ગણાશે.

# ખાખી બાવોને ઠપકો!!

લેખકઃ- રસિકભાઈ ગોળવિયા-સુરત

ભગવાન શ્રી સ્વામિનારાયણ ભુજથી બુદ્ધિશાળી હરિભક્ત સુંદરજી ભાઈનો રઘુનાથદાસસ્વામી જે સત્સંગમાં વિક્ષેપ કરતા હતા, ઊંધાચાલતા હતા, દ્રોહ કરતા હતા, તેથી આવેલ પત્ર અનુસંધાને ૧૦ મોટેરા સંતો, ૧૦ કાઠી દરબારો, ૧૦-૧૧ પાર્ષદોને લઈ મહારાજ ભુજ જવા નીકળે છે. રસ્તામાં રોકાતા ઉપદેશ કરતા માંડવી પહોંચે છે. જયાં આમોદથી દીનાનાથભટ્ટના ભાઈ લક્ષ્મીરામભટ્ટ આવે છે. જે કથાકાર હોયને તેમને માંડવી સરોવરના કાંઠે વડલાની નીચે કથા વાંચવા બેસાર્યા સંપૂર્ણ ભગવતની કથા વંચાવી તેથી દરેકના મનમાં ઘણોજ આનંદ થયો દરરોજ ગામના ભક્તો કારભારી અને આગેવાનો ફૂલહાર અપારલાવી કેસરયુક્ત ચંદનને પૂજા કરતા ૧૮ દિવસ ભાગવતની કથા ચાલી ત્યાં સુધી પુર જનોએ પાકી રસોઈ આપીને શ્રી હરિ અને સંતોને ભાવ પૂર્વક જમાડેલા! તે વખતે તે પ્રદેશના ખાખી બાવાઓ તે થોડે દૂર ઉતર્યા હતા. તેમણે સ્વામિનારાયણના સંતોનું સન્માન જોયું તેથી મનમાં બહુ જ બળી ઉઠયા અને બધામળી સંતોને ગાળો દેવા લાગ્યા. રાત્રે આવીને સંતોના ઉપર નાના-નાના પથ્થરા ફેંકતા. તે સંતોને વાગતા છતાં સંતો કંઈ બોલતા નહીં. ધીરજ ધરી સહન કરતા તે ખાખી બાવોઓએ ફેંકેલ પથ્થરો વીણીને

સંતોએ મોટો ઢગલો કરેલો.

તેથી ઉલટા ખાખી બાવાઓ ખિજાયા કારભારી પાસે ગયા અને એને ફરિયાદ કરીકે આ ગામમાં આવેલા જીવન મુક્તા અને તેના સંતો કહેવાય છે તેને તમો દરરોજ પાકી રસોઈયો કરાવીને જમાડો છો તે રાત્રે આવીને અમારા ઉપર પથ્થરા ફેંકે છે. અમો તો તે માત્ર આપને કહેવા આવ્યા છીએ. અમોતો ખરાસંત (ખાખી બાવા) છીએ એટલે કાંઈ બોલતા નથી. કેવળ તમોને આ બાબત સંભળાવી. તેમને તમો કાંઈ કહેતા નથી તેથી અમો અહીંથી ચાલ્યા જઈશું. તેનાથી તમારું ભુંડુ થશે. કારણકે તમો અમારી સંભાળ રાખતા નથી. અમોતો અનાદિકાળની પરંપરાના સંત છીએ. જીવન મુક્તાના સંતો કળિયુગના સંતો છે. તમો કળિયુગના લોકો કાંઈ સત્યનું પારખું નથી. તેઓતો માત્ર પાખંડ ને પૂજે છે (સ્વામિનારાયણવાળા સંતો) અમો આગમાં બેસીએ. જુઓ કોણ બળી જાય છે તમો યા સંતોની નિશ્ચિત પરીક્ષા લો જપ તપાદિક સંતોના દાસ છે સંતો કોઈના દાસ નથી. તમો કળિયુગના લોકો કોઈ સાચા સંતને ઓળખતા નથી અમો કોઈ દિવસ કાંઈ કોઈને કહેતા નથી પણ આજે બધો અધર્મ દેખીને તમને કહેવા આવ્યા છીએ.

ત્યારે કારભારીએ બધી વાત નિરાંતે સાંભળી. જે સાચું ખોટું સારું-નરસું વધુ જાણતા હતા તેથી ખાખી બાવા ને કહે તમો તમારે મુકામ જાવ.જે વાત તમોએ કહી તેની અમે તજવીજ રાખશું. અમો તમોને પણ રસોઈ આપીએ છીએ તે સુખેથી જમજો. તમે જેના વિરોધ ફરિયાદ કરી હતી તે સ્વામિનારાયણના સંતો તમારી જેમ રસોઈ માટે ક્યારેય લાંધ્યા નથી. તમોતો રસોઈયો પરાણે લો છો. તેઓ કાચું સીધું લઈ લે છે હાથે બનાવી ખાઈ લે છે. તમો કાચુ સીધું પણ લેતા નથી પાકુંજ રાંધેલુંજ માંગો છો. તમો તો કેવા ત્યાગી છો તે કાંઈ સમજાતું નથી. તમારે ગાંજા પીધા વગર ચાલતું નથી. કોઈ ધન આપે તો લઈ લો છો તેઓ ધન લેતા નથી. સ્ત્રી સામું જોતા નથી. તમોતો સ્ત્રીપાસે જઈને વાતો કરો છો. ડુંગળી લસણ અને અભક્ષ્ય વસ્તુ ખાઓ છો. ગાળ સિવાય વાત કરતા નથી તેઓ ગાળતો નથી બોલતા ઊંચા અવાજે પણ બોલતા નથી. તમે અનાદિ સિદ્ધિ રીત ધારી રહ્યા છો પણ રહેણી કરણીમાં તેમના જેવી રીતે તમારી નથી. તમને તો પાકું સીધું મળે કે ધન મળેતો જ લાલજી ને પૂજો છો. તેઓ તો નિત્ય પ્રેમથી લાલજી ને પૂજે છે. તમારી રીત અને તેમની રીતમાં જમીન-આસમાનનો ફરક છે.

જે મોક્ષ માટેના શાસ્ત્રો ભાગવત અને ગીતા છે જે તમારે મોઢેથી કયારેય સાંભળ્યા નથી તમો જેને માનો છો તેવા ગ્રંથ કોઈ હોયતો તે અમોને આવીને સંભળાવો અને તે પણ સૌથી પ્રાચીન વેદ છે તેના વચન લાવીને અમને સંભળાવજો બ્રહ્માંડની જે દિવસથી ઉત્પત્તિ થઈ તે ત્યારથી તેમાં વર્ણવી છે. સ્વામિનારાયણના બધા જ સંતો તેવા સદગ્રંથોની કથા કરે છે, ઉપદેશ કરે છે. તે ગ્રંથના ધર્મ નિયમને અનુસરે છે તેમાં ભલે અનાદિકાળના છો છતાં અનાદિની રીતને છોડીને જ ચાલો છો.

આવી રીતે કારભારી જે વિચક્ષણ અને બુદ્ધિશાળી હતા. તેમણે ખાખી બાવા ને સત્ય વાત જેમ હતી તેમ કહી સંભળાવી અને કહ્યું કે  અત્યારે ધર્મવાળા રાજા નથી. જે આ સ્થાને આવીને આપની પૂજા કરે કોઈ આગ લઈ આવો. ચાલો આપણે તમારા માંથી કોઈ એકની સિદ્ધાઈને દેખીએ તે વાત કારભારીને ખાખી બાવા સાંભળી સૌ ત્યાંથી ભાગી ગયા અને પોતાને મુકામે આવી પરસ્પર લડી પડયા. અને અંદરો અંદર કહેવા લાગ્યા કારભારીને છોડો આપણે જ જીવન મુકતા ને ક્યારેય છોડવો નહીં. પણ મહારાજ અને સંતોના વર્તન પ્રકાશપુંજના લીધે મહારાજના ઐશ્વર્ય પ્રતાપ અને સંતોની દ્રષ્ટિના લીધે અંજાઈ ગયા અને માંડવી છોડી ચાલી ગયા. આમ માંડવીમાં ખાખી બાવા પોતાના હાથેજ પોતે પરાજય થઈ ભાગી ગયા. જે પ્રસંગ હરિચરિત્રામૃત સાગરમાં આધારાનંદ સ્વામીએ સરસ વર્ણવ્યો છે.

# હિંડોળા ઉત્સવ

સ્વામિનારાયણ સંપ્રદાયની ભક્તિ રીતિ શ્રીહરિએ વૈષ્ણવ પરંપરા અનુસાર પ્રસરાવી છે. આ પરંપરામાં ભક્તિ વિધિની ચરમસીમા અભિવ્યક્ત કરતો ઉત્સવ એટલે હિંડોળા ઉત્સવ. બરાબર એક માસ સુધી ભક્તિની ઋતુ આ ઉત્સવ અનુક્રમે પુરબહાર ખીલે છે. અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ સુધી ઠાકોરજીને હિંડોળે ઝુલાવી ઉત્સવ કરવામાં આવે છે. વરસાદી મોસમ પ્રતિવર્ષ સંપન્ન થતો આ ઉત્સવ ભાતભાતના હિંડોળામાં ઠાકોરજીને પધરાવીને ભક્તો હૃદય-મનને તૃપ્ત કરે છે. શણગારેલા હિંડોળામાં ઠાકોરજીની સાંયકાળે આરતી કરવામાં આવે છે. ભક્તો ભક્તિભાવ પૂર્વક હિંડોળાના પદોનું ગાન કરે છે.

-આવ્યો શ્રાવણ માસ અનુપ, હિંડોળો બાંધ્યો રે...
જોઇ રાજી થયો મહેશ, તાંડવ નાચ્યો રે...
-ઝુલાવું પ્યારા હિંડોળે હળવે હલવે ઝુલો હરિવર, નેણુંના તારા...
-ઝુલન કે દિન આયે હિંડોળે... આયો શ્રાવણ માસ મનોહર, ચહુ દીશ દાદુ છાયે પ્રેમાનંદ ધર્માત્મજ હિંડોળે, ઝુલાવું ગણ ગાયે...

સદ્ગુરુ બ્રહ્માનંદસ્વામી, સદ્ગુરુ પ્રેમાનંદસ્વામી, સદ્ગુરુ દેવાનંદસ્વામી આદિ નંદ સંતોએ હિંડોળાના અદ્ભુત પદો રચ્યા છે.

હરિભક્તો-સંતો હીરની દોરીથી હરિવરને ઝુલાવે છે. સાધુ વૃંદ મૃદંગ-મંજીરા લઇને કીર્તનભક્તિથી વાતાવરણને દિવ્ય બનાવે છે. જાણે વિરાટ અસ્તિત્વ ડોલી રહ્યું હોય ને બ્રહ્માનંદ રેલાયો હોય તેવું વાતાવરણ જામી જાય છે. ભગવાન શ્રીકૃષ્ણને ગોપીઓએ વૃંદાવનની કુંજગલીમાં હિંડોળે હીંચકાવીને જે સુખ પ્રાપ્ત કર્યું હતું તેમ ચિરકાલીન યાદ રાખવા જ ભક્તોએ હિંડોળાનો પ્રારંભ કર્યો હતો.

ઉત્તમ ઘાટના અને નવિન રચનાઓમાં હિંડોળામાં શ્રીહરિ શોભી ઊઠે છે. સોના-ચાંદીના હિંડોળા, પાનના હિંડોળા, પવિત્રાના હિંડોળા, ગુલાબ-ફૂલના હિંડોળા, ફળના હિંડોળા, સૂકામેવાના હિંડોળા, રાખડીના હિંડોળા, કઠોળ-ધાન્યના હિંડોળા, જરીના હિંડોળા.

કેટલાક ગણાવીએ ? દિવસ થોડાને રૂપ ઝાઝા.... પૃથ્વી પર જે કાંઇ પણ શ્રેષ્ઠ છે તેમાં કલા અને ભક્તિને પરોવીને હિંડોળા રૂપે મૂર્તિમાન મુમુક્ષતા પ્રગટ છે. આવા હિંડોળાને પૂર્ણ કરવા સંતો-હરિભક્તોમાં રાતના ઉજાગરા કરી હિંડોળાની નસેનસમાં પ્રાણ અને સ્નેહ પૂરે છે. પોતે વેઠેલા પરિશ્રમની વસુલાત જેવા પ્રભુ હિંડોળામાં બેસે તે તરત જ મળી રહે છે.

અનંત બ્રહ્માંડના સ્વામી અને વિરાટ એવા પૂર્ણ પુરુષોત્તમનારાયણ કેવળ અમારા કાજે જ આ હિંડોળામાં સમાઇ જાય એવા અલ્પ બની જાય છે. એવો ભાવ અદશ્યરૂપે ભક્તોના મુખ પર રહે છે.

શ્રીજી મહારાજને ભક્તો હિંડોળામાં ઝુલાવતા. જામનગર જીલ્લામાં ડાંગરા ગામે શ્રીજી મહારાજના અનન્ય ભક્ત ખીમા પટેલ હતા. તેમના ફળિયામાં પીપરનું વૃક્ષ હતું તેમને અખંડ સંકલ્પ રહેતો કે જો શ્રીહરિ પધારે તો આ પીપરની ડાળે હિંડોળો બાંધીને ઝુલાવવા. તેમનો સંકલ્પ જાણી ભક્ત મનોરથ પૂરક શ્રીહરિ ઘેલાનદીમાં સ્નાન કરી સીધા ખીમા પટેલને ઘેર પધાર્યા. અને પીપરની ડાળે બાંધેલ હિંડોળામાં સીધા જ બિરાજીને હીંચવા લાગ્યા. અને પછી કહે કેમ ખીમા પટેલ ? હવે તો રાજી ને ? અમારે ઘણા દિવસથી હિંડોળે ઝુલવાનો સંકલ્પ હતો. આજે તમે પૂરો કર્યો. ખીમા પટેલ કહે મહારાજ ! આપને તો કોઇ સંકલ્પ ન હોય પણ સંકલ્પ તો મારો પૂરો થયો છે.

મહારાજ કહે, ‘‘પ્રેમી ભક્તોના લાડકોડ પૂરા કરવા એ કાજે જ અમારો અવતાર છે.’’

પરસ્પર પ્રેમભક્તિની દોરીથી ઝૂલતા આવા હિંડોળાના સુખ શ્રીજી મહારાજે ભુજ સુરત, અમદાવાદ, મછીયાવ, ગઢડા, માનકૂવા, વરતાલ, વિગેરે અનેક જગ્યાએ આપ્યા છે. ભક્તોને લાડ લડાવવાનો કેટલો ઉત્સાહ શ્રીજી મહારાજને હતો તેના સાક્ષી

હિંડોળા છે.

એકવાર વરતાલમાં સંતે વિનંતી કરી હરિ પાસ, ચહો નાથ અજર અવિનાશ, કૃષ્ણ જન્મ સમો થાય જ્યારે, તમે આવી અમારે ઉતારે, હિંડોળામાં ઝૂલો હરિરાય, પૂરો એવી અમારી ઈચ્છાય, સૂણી શ્રીહરિએ માની વાત, પછી જ્યારે ગઈ અર્ધ રાત, જ્ઞાન બાગ આવ્યા ગિરધારી, ઝુલ્યા હિંડોળે વિશ્વવિહારી, (શ્રીહરિ લીલામૃત ૭/૪૮)

અહીં શ્રીજી મહારાજ અર્ધી રાતે આવીને હિંડોળે ઝુલ્યા.

ભક્તચિંતામણીના પ્રકરણ ૬૬ અને ૭૩ માં શ્રીહરિ હિંડોળામાં બેઠા હતા અને હરિભક્તોના હાર છડી વડે ગ્રહણ કરતા હતા આ એક સુંદર ચરિત્ર છે. વળી હિંડોળામાં બેઠા બેઠા જ સંતોની છાતીમાં ચરણારવિંદ આપી દેતા એવું વર્ણન પણ આમાં છે. સંતો શ્રીહરિ આગળ આ સમયે અત્યંત પ્રસન્ન થઈ નૃત્ય અને રાસ રમતા.

ઉપનિષદ્‌માં પરબ્રહ્મની એક સામર્થી આ મુજબ વર્ણવી છે. અણોરણિયાન અને મહતો મહિયાન..... એટલે પ્રભુ અલ્પથી પણ અતિ સૂક્ષ્મ છે. અને વિરાટથી પણ અતિ વિરાટ છે. એકવાર વરતાલમાં ધના તળાવમાં સ્નાન કરીને શ્રીજી મહારાજ તળાવની ઈશાન ખૂણે હિંડોળો બાંધ્યો હતો ત્યાં પધાર્યા, પરંતુ હિંડોળો નાનો હતો તે વખતે તે હિંડોળામાં બિરાજ્યા શ્રીહરિ પોતાનું ઐશ્વર્ય વાપરી અત્યંત નાનું સ્વરૂપ ધારણ કર્યું. તે વાત હરિલીલામૃત (૭/૬૦)માં આ મુજબ લખી છે.

આંબે હિંડોળો બાંધ્યો તે ઠામ, ઝુલ્યા ત્યાં બેસી સુંદર શ્યામ,

હતો હિંડોળો નાનો એ ભૂપ, નાથે ત્યાં ધર્યું નાનું સ્વરૂપ, જોઈ જન મન વિસ્મિત થાય, જાણ્યો શ્રીહરિનો મહિમાય...

એકવાર ગઢડામાં ચાર ઘડી દિવસ રહેતા રામદાસજીએ શ્રીહરિને હિંડોળે બેસવા કહ્યું. તેથી હરિભક્તોના જયજયકાર સાથે શ્રીહરિ ઉત્તરમુખે હિંડોળે બેઠા, વાજીંત્રો વાગવા લાગ્યા. સંતોને પૂજા કરવા શ્રીહરિએ બોલાવ્યા. સંતો શેર શેર ગુલાબ લઈને શ્રીહરિ આગળ ધરતા. શ્રીહરિ તેમાં પગ મૂકતા. એમ સંતોએ શ્રીહરિની પૂજા કરી. અને એક એક સાકરનો ગાંગડો શ્રીહરિને આપતા. શ્રીહરિ તે બધાયની સાકર જમતા પછી આરતી ધૂન થઈ રહી.

હરિભક્તો ફૂલના હાર લાવતા, તે ચાલતે હિંડોળે શ્રીહરિ ઘણી ચતુરાઈથી લેતા. વેગથી ચાલતા હિંડોળા પર શ્રીહરિ ઊભા રહેતા. જમણા હાથે થાંભલો ગ્રહણ કરી ડાબો હાથ છૂટો રાખતા અને હાર લેતા. હારથી હિંડોળો ભરાઈ ગયો. ક્યારેક હાર હાથમાં રાખેલ છડીથી લેતા. ક્યારેક બે હાથથી પકડીને એક પગથી હાર લેતા. એમ દોઢ પહોર રાત્રિ સુધી હાર લીધા. - શ્રીહરિચરિત્રામૃત સાગર ૧૬/૬૩

ઘણીવાર શ્રીહરિના હિંડોળાની આસપાસ સંતો નૃત્ય કરતા અને રાસ લેતા. બામરોલીમાં શ્રીજી મહારાજે હિંડોળાની અદ્‌ભુત લીલા કરી હતી. તખો પગી બામરોલીના ઉત્તમ ભક્ત હતા. તેમણે રાયણના વૃક્ષ નીચે હિંડોળો બાંધેલો. શ્રીહરિ તખા પગીનો ભાવ સમજીને માણકી પરથી સીધા જ કૂદીને હિંડોળે બિરાજી ગયા. હરિભક્તો હિંડોળાને ઝુલાવવા લાગ્યા. ધીમે ધીમે મહારાજનો હિંડોળો આકાશે ચડવા લાગ્યો. થોડીવારમાં હિંડોળો અને મહારાજ બંને અદશ્ય થઈ ગયા. વૈરાટ બ્રહ્માનું પૂજન સ્વીકારવા શ્રીહરિ આકાશમાં ગયા ત્યાં તો આકાશમાંથી પુષ્પો ખર્યા, ચંદનની વૃષ્ટિ થઈ ને મધુર સંગીત રેલાવા લાગ્યું. થોડા સમય સુધી આમ ચાલ્યું ને પછી ફરી અંતરિક્ષમાંથી હિંડોળો નીચે સરકવા લાગ્યો મહારાજને પુનઃ પધારેલા જોઈ હરિભક્તો પુલકિત થઈ ગયા.

ગઢપુરમાં લક્ષ્મીવાડીએ આમલીઓ વચ્ચે પણ શ્રીહરિ ઝુલતા. વૈષ્ણવોમાં એવી માન્યતા છે કે હિંડોળામાં હીંચતા હરિને નીરખીએ તો ફરી જન્મ ન લેવા પડે. શ્રીહરિની આ લીલા પણ જન્મમરણનો નાશ કરનારી છે.

# ગુરુપૂર્ણિમા-વ્યાસપૂર્ણિમા

સમગ્ર હિન્દુ સનાતન ધર્મના આદિ ગુરુ એટલે ભગવાન વેદવ્યાસ. અષાઢ સુદ પૂર્ણિમા એટલે વ્યાસપૂર્ણિમા તરીકે ઉજવાય છે. વ્યાસજીએ મુખ્ય બે કાર્યો કર્યા. ૧-વેદના વિભાગ કર્યા અને ર-પુરાણોની રચના કરી. આ મહાયોગદાન દ્વારા ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસ આજે પણ ગૌરવવાન છે.

આવા સમર્થ ગુરુની જયંતી તો વૈશાખી પૂર્ણિમાએ હોય છે, પરંતુ આજના દિવસે તેમની સ્મૃતિની અભિવ્યક્તિ કરવામાં આવે છે. તેમણે રચેલા ગ્રંથો ‘‘સંસ્કૃતિના એનસાઈકલોપીડીયા’’ કહી શકાય. જેમાં તમામ શુભ સંકલિત છે.

વ્યાસજીએ શ્રેય અને પ્રેય એ બંને માર્ગો પર યથાર્થ પ્રકાશ પાડ્યો છે. પશુ સમાન માનવ દેવત્વ પામે તેવા રહસ્યો તેમણે તમામને માટે ખોલી આપ્યા છે. આ રીતે તેઓ માનવજાતના ‘‘આદિગુરુ’’ બને તેમાં શંકા નથી.

ભગવાન સ્વામિનારાયણે પણ પોતાનો સિદ્ધાંત પ્રસ્થાપિત કરવામાં ‘‘વ્યાસજીના વચન’’ ને જ સર્વત્ર પ્રમાણભૂત ગણેલા છે. (વચનામૃત-ગ.અં.-૧૦)

સમગ્ર ભારતમાં આજે પોતાના ગુરુનું પૂજન કરી શુભ પ્રેરણા મેળવી ગુરુઋણ અદા કરવાનો પુરુષાર્થ શિષ્યુવૃંદ કરે છે. સાચા ગુરુ અનંત ગુણોના સાગર હોય છે, તે શિષ્યને અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશમાં લઈ જાય છે.

અધ્યાત્મ માર્ગમાં ગુરુ શા માટે ?

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી કહે છે, મનમટી થઈને કોટિ સાધન કરે, સદ્‌ગુરુ શબ્દ વિના સર્વે કાચું.

ગુરુ બિન કોણ બતાયે વાટ, બડા વિકારયમઘાટ, ભ્રાંતિકી પહાડીયાં, નદીયાં, બીચમે ખરા, પણ મારા ખાટે ક્યો રસ્તો.

બધા રસ્તા ભગવાન સુધી પહોંચે ખરા પણ મારા માટે કયો રસ્તો યોગ્ય છે ? એ પ્રશ્નનો ઉત્તર તો ગુરુ જ બતાવે.

દવાની દુકાનમાં દરેક પ્રકારની દવા હોય, પણ યોગ્ય દવા આપવાની આવડત કેમીસ્ટ દુકાનદારને નથી હોતી તે માટે ડોકટરનું પ્રિસ્કીપશન જરૂરી બને છે. એમ અધ્યાત્મ માર્ગે સાચા સંત વૈદ છે.

મુક્તાનંદસ્વામી કહે છે સંત ધન્વંતર વૈદ, સમ જૈસા રોગી જે હું. મુક્ત બતાવત તાહુ સે તૈસા ઔષધ તે હું.

અમેરિકાની પ્રસિદ્ધ કંપની જનરલ ઈલેકટ્રીકનું એક કિંમતી મશીન બગડી ગયું ઘણા ઈજનેરો મથ્યા પણ રીપેર ન થયું. છેવટે મશીન રીપેરીંગના નિષ્ણાંત ડો.ચાર્લ્સ સ્ટ્રાઈનમેટ્રસને બોલાવ્યા. તેમણે એક હથોડી મારી મશીન ચાલુ થઈ ગયું. તેમણે ૧૦૦૦૦ ડોલરનું બિલ મોકલ્યું. કંપનીવાળાને ૧૦૦૦૦ વધારે લાગ્યા તેનું કારણ પૂછ્યું. ત્યારે ચાર્લ્સ કહે હથોડી મારવાનો તો ૧ જ ડોલર ચાર્જ લીધો છે પણ ૯૯૯૯ ડોલર તો હથોડી ક્યાં મારવી તેના લીધા છે.

પરમેશ્વરને રાજી કરવાના રસ્તા ઘણા છે, પણ મારા માટે કયો રસ્તો અકસીર છે તે બતાવનાર ગુરુ જ છે.

તુલસીદાસજી કહે છે, ગુરુ બિન ભવનિધિ તરહિ ન કોઇ, જો બિરંચી શંકર સમ હોય.

ભગવાન ભજયાનો માર્ગ અતિ વિકટ છે. કઠોપનિષદમાં કહે છે, ઉત્તિષ્ઠત જાગ્રત પ્રતાપ વરાનિ બોધત, ક્ષુરસ્ય ધારા નશિતા દુરત્યયા, દુર્ગપયથસ્તત્ કવયો વદન્તિા.

પોતાની મેળે ભગવાનને માર્ગે ચાલવું તે અસ્ત્રાની ધાર ઉપર ચાલ્યા બરાબર છે. માટે ઊઠો, જાગો ગુરુને

પામીને આત્મા-પરમાત્માનું જ્ઞાન મેળવો.

સાધનામાં ગુરુ ઉદીપકનું કામ કરે છે. મુમુક્ષુનો પુરુષ પ્રયત્નમાં ગુરુ કૃપા મળતાં પરમનો પંથ ઝડપી બને છે.

શંકરાચાર્ય :- જીવનમાં રોગરહિત સ્વસ્થ શરીર, યશ, મેરુ જેટલું ધન, છ અંગો સહિત ચારે વેદો કંઠસ્થ હોય, તમામ શાસ્ત્રોની વિદ્યા મેળવી હોય અને ગદ્ય-પદ્યના ઘણા ગ્રંથો રચ્યા હોય છતાં જો ગુરુના ચરણમાં મન ન સોંપ્યું, તો કંઈજ કર્યું નથી, કંઈજ કર્યું નથી, કંઈજ કર્યું નથી.

ભાગવતમાં ભરતજીનું આખ્યાન પ્રેરક છે :- પૃથ્વીનો ત્યાગ કરીને ભરતજી વનમાં આપમેળે પ્રભુ પામવા ગયા. પણ ગુરુના માર્ગદર્શનના અભાવે મૃગલામાં બંધાયા. ત્રણ જન્મ લેવા પડ્યા. ત્રીજા જન્મે જ્યારે જડભરત બન્યા ત્યારે તેમણે રહુગણને પણ આ રીતે ચેતવી દીધા.

હે રહુગણ રાજા, તપ, યજ્ઞ, ગૃહત્યાગ, વેદાભ્યાસ, જલ, અગ્નિ કે સૂર્યની ઉપાસના આત્મા-પરમાત્માનું જ્ઞાન પમાતું નથી પણ આપણા મસ્તકે મોટા પુરુષના ચરણની રજ નો અભિષેક થતા ત્યારે જ પમાય છે.

ભગવાન સ્વામિનારાયણ ગઢડા મ.-૫૪ મા વચનામૃતમાં વ્યાસજી રચિત ભાગવતના દશમ સ્કંધનો શ્લોક ટાંકીને કહે છે. કે ગુરુમાં આત્મબુદ્ધિ, મમત્વબુદ્ધિ, પૂજ્યબુદ્ધિ અને તીર્થબુદ્ધિ રાખવી. આ ચાર પ્રકારની બુદ્ધિ જેને ગુરુમાં નથી તે પશુઓમાં હીન ગધેડો (ગોખર) છે.

જેમ વાછરડું ગાયની નિશાની છે, તેમ ગુરુને જોઈને ભગવાનમાં શ્રદ્ધા વધે છે. જે ગુરુનું પ્રભુભક્તિમય જીવન, પંચવર્તમાનની દઢતા, જગત પ્રત્યે વિરક્તિ જોઈને વૃત્તિ પાછી વળે, તે ગુરુ ભગવાન ભેટાવે. વિષયરૂપી વિષમતા મહોદધિને તરવા માટે ગુરુ નૌકા સમાન છે. વેદરસમાં શ્રીહરિ કહે છે. જે પોતા પાસે આવે તેને સંત ભગવાનનો નિશ્ચય કરાવી સંસાર સમુદ્રને પાર ઉતારે છે. એવા ગુરુની કૃપાએ કરીને સંસારનો સંભવ જે જન્મ મરણ તે ટળે છે.

સૂફી સંત મન્સૂર કહે છે.

પકડ દસ્ત તું ફિરસ્તે કા, ગુલામ ઉન કા કહાતા જા.
અગર હૈ શૌક મિલને કા, તો હરદમ લો લગાતા જા.

★ કેવા ગુરુ પાર ઉતારે (ગુરુના લક્ષણો) ગુરુ ગીતામાં ગુરુની વ્યાખ્યા આવી છે. ગુ-કહેતા અંધકાર અને રુ-કહેતા તેને દૂર કરનાર. અજ્ઞાનનો અંધકાર દૂર કરે તે ગુરુ.

સામાન્યત મૌની, અન્ન-જળ ત્યાગી, સિદ્ધ, ચમત્કારી, ધન-પુત્ર આપનાર, તાંત્રિક, છટાદાર પ્રવચન આપનાર, શાસ્ત્રી, કથાકારને ગુરુ તરીકે સ્વીકારી લેવાની માણસની સહજ નિર્બળતા છે.

ઋષભદેવે પોતાના પુત્રને ઉપદેશ આપતા કહેલું કે જે મૃત્યુ અર્થાત્ જન્મ-મરણના ભયથી ન છોડાવે તો તે ગુરુ જ નથી.

શિશ્નોદર પરાયતિ ગુરુનો પાર નથી. શિષ્યની બેંકની પાસબુક કે ગાડીની લંબાઈને આધારે રાજી થનારા ગુરુ વાહિયાત છે.

નિષ્કુળાનંદસ્વામી આવા ગુરુનું વર્ણન તાદૃશ કરે છે.
કરે કથા કીરતન કાવ્ય અરથ એ સારવા, ભલો દેખાડે ભક્તિભાવ, પરધર મારવા, એથી કદિ ન થાય કલ્યાણ, જીજ્ઞાસુને જાણવું, કહે નિષ્કુળાનંદ નરવાણ, પેલી પરમાણવું. એને સેવતા શું ફળ થાય, પૂજીને શું પામીએ, જે જમાડીએ તે પણ જાય, ખાધુ જે હરામીએ.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં ત્યાગીમાં મોટેરાની વ્યાખ્યા આ રીતે કહે છે :- દેશ-પરદેશમાં જાય ને ત્યાં કનક-કામિનીનો યોગ થાય તો પણ પોતે બ્રહ્મરૂપે વર્તે તેમાં ફેર પડે નહિ. પોતાના જે જે નિયમ હોય તેને દેહે કરીને પાળે. ભગવાનને સદા સાકાર, સર્વોપરિ અને કર્તા માને. જીવ-પ્રાણી માત્રમાં ભગવાનનું દર્શન કરે, કીડી જેવા જીવને દુઃખવે નહિ. ભાગવતમાં કહેલા ૩૦ લક્ષણે યુક્ત હોય. નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્ભય આ

પંચવર્તમાને યુક્ત હોય એવા સંતની સેવા સાક્ષાત્ ભગવાનની સેવા બરાબર છે. એવા સંતના દર્શન સાક્ષાત ભગવાનના દર્શન બરાબર છે. (વચનામૃત ગ.અં.-૨૬, સારંગપરુ-૧૦, ગં.મ.-૬૧) સ્ત્રી ધનનો ત્યાગ એ સાચા ગુરુનો માપદંડ છે.

ગુરુના આઠ પ્રકાર છે.

૧-ચંદન ગુરુ :- જેમના સહચર્યથી જીવનમાં પ્રભુભક્તિની સુગંધ ભરાય.

૨-વિચાર ગુરુ :- જેમના સત્સંગે શિષ્યને જીવનદૃષ્ટિ મળે અને વિચારો પ્રભુમય થાય.

૩-અનુગ્રહ ગુરુ :- જે ગુરુની કૃપાથી પ્રભુ મળે.

૪-પારસ ગુરુ :- જે શિષ્યને પોતા જેવા કરે.

૫-કચ્છ ગુરુ :- કાચબા દૃષ્ટિ દ્વારા બચ્ચાંનું પાલન કરે. (ગુરુ દૃષ્ટિ દ્વારા શિષ્યને સેવે)

૬-ચંદ્ર ગુરુ :- જેમના દર્શનથી શાંતિ અને શીતળતા મળે.

૭-દર્પણ ગુરુ :- જેનું જીવન અનુકરણીય હોય.

૮-કૌંચ ગુરુ :- કૌંચ પક્ષી સમર્પણથી બચ્ચાંનું પાલન કરે આવા ગુરુ વૃત્તિ દ્વારા દૂર દેશાવરમાં પહેલાં શિષ્યોનું સેવન કરી તેમને ભગવાનના સુખે સુખિયા કરે.

★ભારતીય દર્શનોમાં ગુરુની અનિવાર્યતા :- ભારતીય તત્ત્વજ્ઞાન બે શ્રેણીમાં વિભાજીત છે.

૧-વૈદિક દર્શન :- જેમાં ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમિમાંસા, ઉત્તરમિમાંસા મુખ્ય છે. આ ઉપરાંત વલ્લભ, રામાનુજ, પાશુપત, શંખ, શાક્ત વિગેરે પેટા દર્શનનો ને પણ ઉપરોક્ત દર્શનોમાં સમાવેલ છે.

૨-વૈદિક દર્શન :- જેમાં જૈન અને વૈદિક દર્શનનો સમાવેશ છે, આ તમામ દર્શનોમાં મોક્ષના માધ્યમ તરીકે ગુરુને અનિવાર્યપણે સ્વીકારવામાં આવેલ છે.

આચાર્ય, ગુરુ, વીતરાગ, પ્રબુદ્ધ, બોધિસત્ત્વ, ઉત્તમભક્ત કે એકાંતિક સંત એવા નામથી ગુણો જ નિર્દેશ છે.

---

# વચનામૃત એટલે?

લેખિકા : રાધાબેન રસિકભાઈ ગોળવિયા- સુરત

ભગવાન શ્રી સ્વામિનારાયણ અનંતજીવોના કલ્યાણના અર્થે આ પૃથ્વી ઉપર પધાર્યા અને અનેક જીવોના સર્વશાસ્ત્રોના સારરૂપ ઉપદેશ આપ્યો તે વચનામૃત એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણના મુખના વચનનો એટલે કે અમૃતરૂપી-વચનોના સમૂહ. આ વચનામૃતો એટલે આપણા ઈષ્ટદેવની સારાયા વૈષ્ણવો માટેની કૃપાવાણી કેવળને કેવળ કૃપાભરી દૃષ્ટિની વાણી. અનંત આત્માઓના મોક્ષ માટે આપેલો અમૃતકુંભ તો આ વચનામૃત એટલે શું ?તેમાં શું ભર્યું છે? તે થોડાંક અંશો મારી બુદ્ધિ પ્રમાણે હું લખવા પ્રયત્ન કરું છું.

- વચનામૃત એટલે શ્રીજી મહારાજના વચનરૂપી અમૃત, અમૃત એટલે મારે નહીં તે જે અમૃતના સેવનથી પોતે મરે નહીં અને ઉપદેશ કરી બીજા ને મરવા દે નહીં એટલે કે જન્મ-મરણના ફેરામાંથી છોડાવનારું શાસ્ત્ર.
- સદ્ઉપદેશનો નક્કર નિચોડ અધ્યાત્મ જ્ઞાનના સિદ્ધાંતનું સમગ્ર રહસ્ય.
- વચનામૃત એટલે અધ્યાત્મના દરેક પાસાઓનું સરળ અને સચોટ સમાધાન.
- વચનામૃત એટલે મોક્ષભાગી મુમુક્ષુઓને સમજણની દૃઢતા, નિયમની નકકરતા, પ્રેમલક્ષણા ભક્તિની પરિપકવતા સાધવામાં ઉપયોગી એવો મોક્ષદાયી ગ્રંથ.
- અધ્યાત્મનો અણમોલ અખૂટ ખજાનો ભક્તિની પરિપકવતા સાધવાનું શાસ્ત્ર.
- પ્રગટ પુરુષોત્તમ નારાયણની પરાવાણી જેમાં ગીતા, ભાગવતનો, વેદ ઉપનિષદોનો અર્ક ફોટા ઘૂંટાયેલો છે.
- વચનામૃત એટલે આ જન્મે જ આત્યંતિક મુક્તિની જડીબુટ્ટી.
- સારાયે વૈષ્ણવ સિદ્ધાંત હાર્દ એટલે વચનામૃત.

- વચનામૃત એટલે સર્વત્ર, સર્વદા, અને સર્વેને સર્વે પ્રકારે ઉપકારક એવું અધ્યાત્મ તત્ત્વ વિષયનું નિરૂપણ.
- વિવેચકોએ આધ્યાત્મિક (બુદ્ધિજીવીઓએ, મહંતો,કર્મચારીઓ) ક્ષેત્રવાળાઓએ વચનામૃતને અમરગ્રંથ કહેતા કહ્યું છે કે ૧૯મી સદીની ગુજરાતની ગીતા.
- ભારતીય સંસ્કાર, સંસ્કૃતિ સદ્‌ગ્રંથ એટલે કે જીવન પંથનો ગ્રંથ એટલે કે માણસને પાંખો આપે, આંખો આપે એવો સર્વોત્તમ ગ્રંથ એટલે વચનામૃત.
- મુમુક્ષોઓ માટેના અખૂટ પ્રેરણા પ્રાયશઃ શાંતિપ્રદ આશ્વાસનો કરુણાસભર શ્રી હરિના કૃપાવાક્યો આશીર્વાદિક સમાધાન કારી જવાબો.
- અગાધ ઊંડાણની અધ્યાત્મવાતો છતાં વાંચવા સમજવામાં એકદમ સરળ.
- વચનામૃતમાં ઉપદેશ એટલે ધર્મપાલનની ધગશ, શુદ્ધ ઉપાસના, ભક્તિ પોષણ, જ્ઞાન-વૈરાગ્યનું રક્ષણ, શ્રદ્ધાની વૃદ્ધિ નિશ્ચયની દ્રઢતા માટેનું સચોટ માર્ગદર્શન.
- વચનામૃત એટલે સાધક મુમુક્ષુને પડતીમાંથી બચાવી ઉર્ધ્વગામી આત્મોન્નતિ તરફ દોરીજનારો ગ્રંથ. બધી જ આંતરિક જટિલ સમસ્યાનો ઉકેલનો સરળ રીતનો ઉપાય.
- એવુંતો ઠાંસી ઠાંસીને જ્ઞાન ભરેલું છે કે મૃત માણસને જીવતો કરી અક્ષરધામ સુધી પહોંચાડી દે તેવી સંજીવની બુટ્ટી એટલે વચનામૃત જે અમૃતવેલી ઔષધિ છે.
- પરમ રહસ્ય પરમ સિદ્ધાંતને પ્રત્યક્ષ દેખીને કહેલ સાર એટલે વચનામૃત.
- જે સ્થૂળ શરીર પદાર્થથી લઈ માનવી જ્યાં પ્રવેશી ન શકે એવા પરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મની ઊંડાણથી ચર્ચા એટલે વચનામૃત જટીલ સાધનમાં સરળ સચોટ ઉપદેશ.
- અંતશત્રુઓને ટાળવાના સુગમ ઉપાયો બતાવતો ગ્રંથ એટલે વચનામૃત.
- આ વચનામૃત ગ્રંથ વિશ્વભરના ધાર્મિક યા આધ્યાત્મિક ગ્રંથો માં ઐતિહાસિક પ્રમાણભૂતતાની દૃષ્ટિએ સ્થાન અજોડ એટલા માટે છે કે બીજા કોઈ ભગવાન કે ભગવાનના અવતારો કે ધર્મસ્થાપકો કે ઉપદેશકોએ પોતાની હયાતીમાં પોતે જ લખીને આપ્યો હોય તેવો માત્ર આ એક જ ગ્રંથ છે જેમાં તત્ત્વજ્ઞાનની અમૃતવર્ષા છે.
- આધ્યાત્મિક રત્નોની ખાણ સમાન વચનામૃત ગ્રંથ છે.
- વચનામૃત એટલે એક કળિયુગના માનવીને શાંતિરૂપી વચનોની અમૃતધારા એટલે કે કલ્યાણ માર્ગમાં આવતા અવરોધોને નાશ કરવા માટેની દીવાદાંડી સમાન ગ્રંથ.
- વચનામૃતના અમુક સવાલો જવાબો સ્વયં શ્રી હરિના અક્ષરધામના છે જે અગાઉ ક્યાંય કોઈ શાસ્ત્રોમાં જોવા મળતા નથી.
- ઘણુંજ લખી શકાય પણ છેલ્લા બે વાક્યો લખી સમાપ્ત કરું. વચનામૃત કાળના ઘુમ્મટને ભેદીને ભગવાન શ્રી સ્વામિનારાયણ અને પરમહંસો ભક્તોની આધ્યાત્મિક ગોટટી રૂપ ગ્રંથ માનવીના જીવન માંથી કળીયુગ કાઢીને સતયુગ સ્થાપનારો અદ્ભુત ગ્રંથ એટલે વચનામૃત.
- આપણા મોટેરા સંત સ.ગુ. ગોપાળાનંદ સ્વામી જેમને મહારાજે સ્વધામ જતાં પહેલાંહ્ક આખા સત્સંગની જવાબદારી સોંપી હતી તેઓ વચનામૃત ગ્રંથ વિશે કહેતા કે આ વચનામૃત બારૂ કાંઈ નથી જો કોઈ બારૂ હોય તો અમોને ભગવાન શ્રી સ્વામિનારાયણના સમ છે. આ વચનામૃતનો વેદ વિજ્ઞાનનો સાર રૂપ માનવ જાતને દુઃખથી આનંદ તરફ, જન્મ-મરણથી સ્થિરતા તરફ, અસત્યમાંથી સત્ય તરફ, કાંડુ પકડીને દોરી જાય છે. અધ્યાત્મજ્ઞાન સૂરજના કિરણોથી અજ્ઞાનના અંધકારથી પ્રકાશ તરફ, ને મૃત્યથી અમૃત તરફ છેટ અક્ષરધામ લઈ જતો મહાનગ્રંથરાજ ગ્રંથ છે.

ટૂંકમાં જેમણે ઉચ્ચ સ્થિતિ અને કલ્યાણ જોઈતું હોય તો આ વચનામૃત ગ્રંથનું સેવન કરી સમજણ કેળવી યથાર્થ પાલન કરવું જ રહ્યું.

# દેવશયની એકાદશી

દેવપોઢી કે દેવશયની એકાદશી કથા કંઈક આ મુજબ છે.

બલિને દરવાજે ભગવાન વિષ્ણુ વામનરૂપ ધરીને આહ્‌લેક નાંખે છે.

તેરે દ્વાર ખડા ભગવાન ભગત ભર દે રે ઝોળી,

તેરા હોગા બડા કલ્યાણ, કે જુગ જુગ તેરી રહેગી શાન ભગત ભર દે રે ઝોળી

ડોલ ઊઠી હૈ સારી ધરતી દેખ રે, ડોલા ગગન હૈ સારા ભીખ માંગને આયા તેરે ઘર, જગત કા પાલનહારા મેં આજ તેરા મહેમાન, કરલે મુજસે જરા પહેચાન ભગત ભર દે રે ઝોળી બલિના યજ્ઞમાં બ્રાહ્મણોને દાન આપતા ભગવાન વામનરૂપે આવ્યા. બલિએ વામનજીને પૂછ્યું, ''હું આપને શું દાન આપું?'' વામનજી કહે છે, ''ફક્ત ત્રણ પગલાં ભૂમિનું દાન.''

બલિ આમ તો દાનવકુળનો વારસ છે. પ્રહ્‌લાદના પુત્ર વિરોચનનો તે પુત્ર છે. આમ પ્રહ્‌લાદનો તે પૌત્ર છે. એટલે ભક્તિના સંસ્કાર સહજ હોય.

બલિ ત્રણ પગલાં ભૂમિના દાન માટે સંકલ્પ કરવા માંડ્યો એ વખતે દાનવોના ગુરુ શુક્રાચાર્ય તેને વહારે છે. ''જો આ છળિયા-કળિયા-બળિયા એવા ભગવાન વિષ્ણુ છે. તારું બધું જ લૂંટી લેશે. એટલે છેતરાઈશ નહી.''

બલિરાજા કહે છે : જો એ ભગવાન સાક્ષાત્‌ છે, તો છેતરાવાનું એમને છે. હંમેશા ભગવાનનો હાથ ઉપર હોય છે. અને માંગવાવાળાનો નીચે. આજે આ ચક્ર ઉલ્ટું થયું છે. મારા એવા મોટા ભાગ્ય ક્યાંથી હોય કે હું ભગવાનને દાન આપું ?

જેવો સંકલ્પ પૂરો થયો કે તરત વામનજીએ પોતાના કાયાનો વિસ્તાર કર્યો. મહા વિરાટ વિશ્વરૂપ તેમણે ધારણ કર્યું.

પહેલાં પગલામાં સમગ્ર પૃથ્વીને આંબી લીધી.

બીજા પગલામાં આકાશને કબજે કર્યું.

બલિનું સર્વસ્વ માત્ર બે પગલામાં જ હણાઈ ગયું. હવે ભગવાન કહે છે, ''હવે આ ત્રીજું પગલું મૂકું ક્યાં ?''

ત્યાં બલિ ભક્તિભાવથી કહે છે,

પદં તૃતીય કુરુ શીર્ષ્ણિ મેં વિશ્વમ્‌।

હે પ્રભુ, આપનું ત્રીજું પગલું મારા મસ્તક પર રાખો. શરીર પણ ભૂમિનો જ ભાગ છે. (ભાગવત : ૮/૨૨/૨)

આમ ભગવાને ત્રીજું પગલું તેના મસ્તક પર મૂક્યું અને બલિને પાતાળના સુતલમાં ધકેલી દીધો.

ભગવાને જ્યારે બલિના માથા પરથી પગ ઉતાર્યો ત્યારે બલિ પોતાની જીભ વડે પ્રભુના તળિયા ચાટવા લાગ્યો. ભગવાને આનું કારણ પૂછ્યું.

બલિ કહે, ''આપના સુકોમળ દિવ્ય ચરણમાં મુજ અસુરના કેશ ખૂંચ્યા હશે તો માલિશ કરું છું.''

પ્રભુ બલિની આ ભક્તિથી અત્યંત પ્રસન્ન થઈ ગયા અને કહે ''માંગ... વરદાન માંગ.''

આ વાતનો ઉલ્લેખ શ્રીજી મહારાજ વચનામૃત ગ.પ્ર.-૬૧માં સુંદર રીતે કરે છે.

જેમ વામનજીએ બલિરાજાનું ત્રિલોકીનું રાજ લઈ લીધું અને ચૌદ લોકમાં બે પગલા કર્યા અને ત્રીજા પગલા સારું બલિરાજાએ પોતાનું શરીર આપ્યું, તોય ભગવાને એને વગર વાંકે બાંધ્યો. તો પણ ભક્તિ થકી પડ્યો નહિ, ત્યારે એવી પોતાની અનન્ય ભક્તિ જોઈને પોતે ભગવાન તે બલિના બંધનમાં આવતા હતા. અને ભગવાને તો બલિને ક્ષણમાત્ર બાંધ્યો હતો અને

ભગવાન તો એની ભક્તિરૂપી દોરીએ કરીને બંધાયા છે તે આજ દિવસ સુધી પણ અખંડ બલિના દરવાજે ઊભા છે અને બલિરાજાની દૃષ્ટિ થકી પળમાત્ર પણ ભગવાન છેટે થતાં નથી.

આમ ભગવાન બલિના દરવાજે અખંડ દર્શન આપવા કબૂલ થયા. લક્ષ્મીને વિષ્ણુનો આ વિયોગ સહન થયો. તેમણે બલિને ભાઈ બનાવી દીધો. સાથે સાથે પાર્વતી અને સાવિત્રીને પણ પોતાના દુઃખમાં સહભાગી થવા જણાવ્યું. એટલે ૧૨ માસના ત્રણ ભાગ પાડવામાં આવ્યા.

શંકર, વિષ્ણુ અને બ્રહ્મા એમ ત્રણેયના ચારચાર માસના વારા ગોઠવાય એ માટે બલિને મનાવવામાં આવ્યો.

આમ,

આષાઢ એકાદશી થી કાર્તિક એકાદશી - વિષ્ણુ

કાર્તિક એકાદશી થી ફાગણ એકાદશી - શંકર

ફાગલ એકાદશી થી અષાઢ એકાદશી - બ્રહ્મા

આ રીતે વાર્ષિક ટાઈમ ટેબલ ગોઠવાય.

ભગવાન સ્વયં આષાઢ સુદ એકાદશીએ પાતાળમાં આરામ માટે જતા હોવાથી આ એકાદશી દેવપોઢી કે દેવશયની એકાદશી તરીકે ઓળખાય છે.

ભગવાન આરામમાં હોય ત્યારે ભક્તે બમણી સાવચેતી રાખવી જરૂરી બને છે. ભગવાનનું શયન આપણી જાગૃતિ માટે છે. ભક્તિના બળથી આવી આંતરિક જાગૃતિ સંભવ છે. એટલે આવું અંતરબળ મેળવવા ચાતુર્માસમાં ભક્તિની મોસમ પૂરબહાર ખીલે છે.

ચાતુર્માસનો પ્રારંભ દેવપોઢી એકાદશીથી દેવઉઠી એકાદશી (કાર્તિક સુદ-૧૧) સુધી ચાલે છે.

આ ચાતુર્માસ દરમ્યાન વિશેષ નિયમો ધારવા માટે ભગવાન સ્વામિનારાયણે આગ્રહપૂર્વક શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે.

આઠ પ્રકારના નિયમોનું વર્ણન તેમણે આ મુજબ કર્યું છે.

૧. કથા શ્રવણ, ૨. કથા વાંચન, ૩. ભજન-કીર્તન, ૪. પંચામૃત સ્નાન સહિત મહાપૂજા, ૫. નામ સ્મરણ, ૬. સ્તોત્રનો પાઠ, ૭. પ્રદક્ષિણા, ૮. દંડવત્ - શિક્ષાપત્રી : ૭૬-૭૮

નિયમો આપણી ભક્તિનું સુરક્ષા ક્વચ છે. રોજીંદી ક્રિયાઓમાં થતો ધર્મલોપ નિયમોને કારણે ધોવાતો રહે છે.

સ્વામિનારાયણના સંતો આ ચાતુર્માસ દરમ્યાન આકરા વ્રત ધારણ કરે છે. કોઈ સંત ચારેય માસ તો કોઈ સંત એક માસ સુધી ખારસ ત્યાગ, ધારણા-પારણા, ચાંદ્રાયણ જેવા કઠિન વ્રતો કરે છે.

આખા શ્રાવણ માસ દરમ્યાન કથા પર્વો, વ્રતોત્સવો અને પારાયણોની રમઝટ ચાલે છે.

આખા વર્ષ દરમ્યાન આ ચાતુર્માસ દરમ્યાન ઉત્સવોની મહાગંગા ફાટી નીકળે છે. ચાતુર્માસ દરમ્યાન નીચેના મહત્ત્વના ઉત્સવો આવે છે.

૧. ગુરુપૂર્ણિમા, ૨. હિંડોળા, ૩. રક્ષાબંધન, ૪. જન્માષ્ટમી, ૫. ગણેશ ચતુર્થી, ૬. પરિવર્તીની એકાદશી, ૭. વામન જયંતી, ૮. નવરાત્રી, ૯. દશેરા, ૧૦. શરદ પૂર્ણિમા, ૧૧. દિવાળી પર્વ ૧૨. દેવદિવાળી પર્વ .

ચાતુર્માસ દરમ્યાન ભક્તિભાવ, દાન-સમર્પણ અને તપવ્રતની છોળો સમગ્ર ભારતમાં સનાતન ધર્મીઓમાં ઉછળે છે.

ચાતુર્માસ દરમ્યાન કેટલાક શાકભાજી, ફળફૂલનો ઉભભોગ વર્જ્ય ગણવામાં આવે છે. જેમાં શેરડી, મૂળા, મોગરી અને રીંગણાનો સમાવેશ થાય છે. તમામ શાકભાજી કે ફળફૂલનો ત્યાગ થાય તો રોજીંદી આહાર વ્યવસ્થા ખોરવાય. તેથી પ્રતીકરૂપે આ ચાર શાકભાજીનો ત્યાગ કરવામાં આવે છે.

# હૃદય પરિવર્તન

લેખકઃ- મહાદેવ ધોરિયાણી

હણોના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં પાપી સામે નહીં પાપ પ્રત્યે ધિક્કાર એ જ ગમે ત્યારે પાપનો નાશ કરનારનું તીક્ષ્ણ શસ્ત્ર બને છે. પાપના વિષચક્રમાં એકવાર ફસાઈ ગયા પછી સત્પુરુષના કે સાચા સંતના સમાગમ વિના બહાર નીકળી શકાતું નથી. હંમેશા પાપનો તિરસ્કાર કરો ‘‘પાપી’’ નો નહીં તિરસ્કાર નહીં જ કરો.

‘‘પાપી પૂજાતા ધર્મી રિબાતા,<br>
વહેલા મોડા હિસાબ થાતા’’

પાપીને મારો એ સહેલું કાર્ય છે પરંતુ પાપીની પાપવૃત્તિ ટાળીને એનું હૃદય પરિવર્તન કરવું એ દુષ્કર કાર્ય છે. શ્રી સહજાનંદ સ્વામી પોતે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન હોવાથી પ્રતાપ પૂર્ણ સહજ સિદ્ધિ હતી તે નીચેના પ્રેરક પ્રસંગ પરથી ખ્યાલ આવે છે.

શ્રી સહજાનંદ સ્વામીના સમયમાં દુષ્ટ, દુરાચારીઓ આચાર્ય અને પાપીઓનો વર્ચસ્વ વધુ હતો. ‘‘મારે તેની તલવાર’’ right is might નહીં પરંતુ might is right એવું વાતાવરણ હતું. આથી શ્રીજી મહારાજે સમાજને ભયરૂપ એવા ચોર, ડાકુ, લૂંટારાઓ અને પાપીઓનો પણ ઉદ્ધાર કરીને, તેમનું હૃદય પરિવર્તન કરી મહાન ભક્ત બનાવ્યા હતા!

‘‘ગધેડામાંથી ગાય બન્યો! એ પ્રચલિત પ્રસંગ અહીં ઉલ્લેખનીય છે. લોખંડને પારસમણિનો સ્પર્શ થતાં સોનું બની જાય!

વડતાલનો વતની જોબનપગી ભયંકર લૂંટારો હતો. એવો કોઈ જન્મ્યો ન હતો કે જે જોબન પગીને પકડે! અને મનમાં મહારાજની માણકી ઘોડી વસી ગઈ હતી. સહજાનંદ સ્વામી ડભાણમાં મહાન યજ્ઞ કરી રહ્યા હતા. કેટલાક કાઠી દરબારો પણ પોતાના જાતવાન અને પાણીદાર ઘોડા-ઘોડીઓ લઈને પધાર્યા હતા. જોબનપગીએ માણકી ઘોડી અને જાતવાન ઘોડાઓ ચોરવાનો સંકલ્પ કર્યો. તે ચોર મંડળી સાથે એક રાત્રે ઘોડશાળ પર ત્રાટક્યો. જેવો તે ઘોડા-ઘોડીઓની નજીક જાય ત્યાં દરેક ઘોડા-ઘોડીની આગળ સહજાનંદ સ્વામીના દર્શન થાય! મહારાજ ઘોડાને રંજકો નાખતા હોય, ચંદી જોગાણ આપતા હોય, પીઠ થાબડતા હોય એવું જોબનને જણાય!

જોબને ત્રણ-ત્રણ રાત્રિ ઉજાગરા કર્યા, પણ આશ્ચર્યમાં ગરકાવ કરી દે તેવાં દૃશ્ય જોતાં તેનો કસબ ચાલી શક્યો નહીં. ચોથે દિવસે તે સવારમાં જ શ્રી સહજાનંદ સ્વામીને શરણે આવ્યો. મહારાજની તેના પર દૃષ્ટિ પડતાં જ આપોઆપ તેનું હૃદય પરિવર્તન થઈ ગયું. મહારાજે તેને આશ્રિત તરીકે અપનાવ્યો. પંચવર્તમાનના નિયમ આપ્યા. ચોરી લૂંટ અને હિંસાનો ધંધો નહિ કરવા ઉપદેશ આપ્યો. જોબનના જ શબ્દોમાં કહીએ તો તે ‘‘ગધેડામાંથી ગાય બન્યો’’!

તેણે મહારાજ ને વડતાલ આવવા આમંત્રણ આપ્યું મહારાજે તેમને ઘેર પધરામણી કરવા વચન આપ્યું. અગાઉથી વડતાલ જવા જોબને તૈયારી કરી તેને મનમાં એક સંકલ્પ થયો. ‘‘સહજાનંદ સ્વામી જો ખરેખર ભગવાન હોય તો મારા પહોંચ્યા પહેલાં મારે ત્યાં મેડા ઉપરની બારીએ બંસીધર સ્વરૂપે (કૃષ્ણ સ્વરૂપે) દર્શન આપી મને બોલાવે’’.

અંતર્યામી પ્રભુએ તેનો સંકલ્પ પરિપૂર્ણ કર્યો મહારાજે બંસીધરના દિવ્ય સ્વરૂપે દર્શન દીધા. આજેએ ‘પ્રસાદીની બારી’ વડતાલમાં જોબન પગીના મકાનમાં હજી પણ આ પ્રેરક પ્રસંગનો પીયૂષ પાય છે.

# એકાદશીની ઉત્પત્તિ કથા

અહેવાલ શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી

એકાદશીનું વ્રત શા માટે કરવું? તેની ઐતિહાસિક કથા. સ્વામિનારાયણ ભગવાને વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ આઠમાં કહેલી છે.

પૂર્વે ચંદ્રાવતી પુરીમાં નાડીજંઘનો પુત્ર મુરદાનવ રહેતો હતો. એ દૈત્ય જ્યારે યુવાન થયો ત્યારે તેને વિચાર કર્યો કે આ વિશ્વનું સામ્રાજ્ય બીજા કોઈના હાથમાં હોય તે બરોબર નહીં. મારા હાથમાં હોવું જોઈએ. આખા જગતનું સુખ-સંપત્તિ મને કેમ મળે? વળતો વિચાર આવ્યો. તપ કરું તો વિશ્વનું સામ્રાજ્ય મને મળે. સુખ સમૃદ્ધિની આશાએ મુર દૈત્ય બ્રહ્મા ઉપર ઘોર સાધના શરૂ કરી. સાધના વસ્તુ એવી છે કે જે કોઈ કરે તો સિદ્ધિ પ્રાપ્ત થાય. વર્ષો સુધી સાધના કરતાં દૈત્ય ઉપર બ્રહ્મદેવ પ્રસન્ન થયા. મુરને માંગવાનું કહે છે. ત્યારે વરદાન માંગે છે. જો મારી ઉપર રાજી થયા હો અને માંગવાનું કહો છો તો એ માંગું છું. કે મારું કોઈ દિવસ મૃત્યુ ન થાય. બ્રહ્મા માથું ધુણાવીને કહે મૃત્યુ તો એક દિવસ મારુંએ થવાનું છે. તો તને અમરત્વનું કેમ વરદાન આપું? દૈત્ય બોલે તો મારી સાધના નિષ્ફળ જશે? બ્રહ્મા કહે નિષ્ફળ નહિ જાય પરંતુ બીજું માંગ. મૃત્યુ આડો વિકલ્પ રાખ. દાનવ વિચાર કરે શું વિકલ્પ રાખવો? આટલી મારામાં તાકાત, આટલી શક્તિ, ઝાડવાને બાથમિલાવું તો ઝાડને પાડી નાખું. પહાડને પણ હચમચાવી નાખું. જ્યાં બોલું ત્યાં દેવતાઓ ભય પામે. આટલી તાકાત ધરાવનાર છું, તો મૃત્યુ આડો વિકલ્પ શું મૂકવો? તરત વિચાર કરી બ્રહ્માને કહે છે, એક વિકલ્પ મૂકું છું . સ્ત્રી સિવાય બીજા કોઈથી પણ મારું મૃત્યુ ન થાય, મરણ થાય તો સ્ત્રીના હાથે જ થાય. મુરદૈત્યના મનમાં એવી માન્યતા કે સ્ત્રી શું લેખામાં? મારા પગલે પૃથ્વી હચમચી જાય છે સમુદ્રમાં સ્નાન કરવા પડું તો તરંગો અટકી જાય છે. હું ઘરની બહાર નીકળું તો સૂર્યની કિરણો નિસ્તેજ બની જાય છે. જંગલમાં જાઉં તો વૃક્ષો થરથરી જાય છે, અને ફળ ખરી પડે છે. આટલો સમર્થ અને શક્તિશાળી છું. મારે માટે સ્ત્રી શું લેખામાં? મચ્છર કરતાં પણ હલકી. મારી સામે શું મુકાબલો કરી શકવાની? તેનાથી મારું કોઈ દિવસ મૃત્યુ થવાનું નથી. બ્રહ્માજી બોલે તથાસ્તુ, એક તો ઉદ્ધત હતો અને વળી મૃત્યુ ન થાઓ એવો વર મળ્યો, ઔર ઉદ્ધત થયો. આ તો કેવું થયું, મૂળ વાંદરો તેણે દારૂ પીધો પછી વીંછી ડંખ માર્યો પછી શું બાકી રહે? મારા જેવો જગતમાં કોઈ નહીં. વિશ્વનો કંટ્રોલ હાથમાં લીધો. મુરનું નામ સાંભળે તો બારણાં બંધ થઈ જાય, સ્વર્ગમાં સમાચાર મળે તો ઈન્દ્ર પણ સંતાઈ જાય, સત્યલોક સુધી દૈત્યની હાક વાગે દેવો અને મનુષ્યો ભગવાનની આરાધના શરૂ કરી. ત્યારે ભગવાન વિષ્ણુ પ્રસન્ન થયા. પણ ભગવાને વિચાર કર્યો અસુરને માર્યા સિવાય છૂટકો નથી. પછી પ્રભુ પોતે ધનુષ્ય બાણ હાથમાં લઈને મુરદાનવને લલકારવા વાસ્તે ચંદ્રાવતી પુરીમાં આવ્યા. ખભા ઉપર ધનુષ્ય-બાણને ધારી રહેલા પ્રભુ દેવો ને કહે છે તમે પણ સાથે આવો. દેવો કહે અમારું એમાં કામ નહીં. અમો જોતાંની સાથે ધ્રૂજીએ છીએ. ભગવાન ચંદ્રાવતી પુરીમાં આવી દ્વાર ખટખટાવ્યું. દ્વારપાળો બોલ્યા-કોણ છો?ભગવાન કહે, મૂરને સમાચાર આપો કે ચાર હાથવાળા વિષ્ણુ આવ્યા છે. યુદ્ધ માટે લલકારે છે.મુરને સમાચાર મળતાં ઓ હોહો વિષ્ણુ આવ્યો છે? મને તો એમ હતું કે મારા બળને જોઈને વિષ્ણુ ક્ષીર સાગરમાં સંતાઈ ગયો છે. મુર દૈત્ય અટ્ટહાસ્ય કરતો ભગવાનની સમીપમાં આવીને કહે છે. શું ? લક્ષ્મીજી ઉપર હેત માયા તૂટી ગઈ લાગે છે? શું લક્ષ્મીજી નથી ગમતાં હેં વિષ્ણુ? મારું નામ તો સાંભળ્યું હશે. ભગવાન કહે કે તું મારી સામે મેદાનમાં આવ. નરાધમ?

સિદ્ધાઈને લીધે આટલી હદે પહોંચી ગયો છે? બીજાના સુખને તું જૂઠવી રહ્યો છે. માણસના વ્યવહાર વ્યવસ્થાને તું તોડી નાખે છે. તેનો હિસાબ લેવો છે. મુર કહે આજે જ હિસાબ આપું? આવો મેદાનમાં. ભગવાન પોતાના ધનુષ્યની દોરી ચડાવી મુરદાનવની સામે બાણ છોડવા માંડ્યા.પરંતુ વર્ષોની સાધનાથી સિદ્ધિને પામેલો મુરને બાણ સ્પર્શ જ ના કરે. હજારો વર્ષો વીતી ગયા અંતે ભગવાન થાક્યા. પ્રભુને થયું કે આને મારવો શક્ય નથી એટલે પ્રભુ ભાગ્યા. થોડે દૂર હિમાલયમાં સિંહાવતી મોટી ગુફા તેમાં પ્રવેશ કરી ગયા. કલ્પના કરીએ કે ભગવાન જેવા ભગવાન હજારો વર્ષો સુધી મુકાબલો કરે. છતાં પણ મુરદાનવનો વાળ વાંકો ન થાય, કેટલો શક્તિશાળી પુરુષ હશે? ભગવાન નારાયણ ગુફામાં જઈ શયન કરી ગયા. ત્યાં દાનવ અટ્ટહાસ્ય કરતો આવ્યો. વિષ્ણુ ક્યાં ગયો? હે વિષ્ણુ ?આવ મારી સામે યુદ્ધ કરવા. આવી રીતે પડકારા કરતો આવ્યો. તે સમયે ભગવાનના શરીરના તેજમાંથી રૂપવાન યુવાન સુંદરીનો જન્મ થયો. કિશોર અવસ્થા છે. સુંદર સાડી પહેરી છે. આંખમાં આંજણ છે કેશ પાસ છૂટો મૂકેલ છે. હાથ અને પગમાં સોનાના દાગીના પહેરેલા છે. કંઠ આખો સોનાથી ભરેલો છે. સ્વરૂપવાન સુંદરી છે. ભગવાનતો ગુફામાં યોગ નિંદ્રા લઈને સૂઈ ગયા. સુંદરી જ્યાં બહાર આવે છે ત્યાં તો દાનવ લલકારી રહ્યો છે. હે વિષ્ણુ મેદાનમાં આવી જા અંદર ક્યાં સંતાઈ ગયો છે. તને લક્ષ્મીનો સિંદૂર નથી ગમતો લાગતો. રણ મેદાન છોડીને ભાગી ગયો. આવી જા મારી સામે મદોન્મત્ત હાથીની જેમ ફરતો જંગલમાં અટ્ટહાસ્યની સાથે પ્રભુને પડકારી રહ્યો છે. તે વખતે પ્રભુના તેજમાંથી પ્રગટેલી નવયુવાન સુંદરી હાથમાં પુષ્પગુચ્છ લઈ હાથના લટકા હાવભાવની સાથે ગુફામાંથી જે બાજુ મુરદાનવ હતો તે તરફ આગળ આવી ઝાંઝરનો અવાજ થતાની સાથે મુર મુગ્ધ બન્યો. અહોહો..... આ લોકથી સત્યલોક સુધી ફર્યો પણ આવીરૂપાળી સુંદરી જોઈ નહીં. વળી સુંદરી એ પોતાના કેશ છોડી અડધા આગળ અને અડધા પાછળ રાખ્યા છે. તે વખતે દાનવમાં રૂપનાભૂતે પ્રવેશ કર્યો. હસતા મરકતા કહેવા લાગ્યો આ સુંદર તો છે ચંચળ પણ છે. મોહિનીને જોતા જ સ્તબ્ધ થઈ ગયો. સુંદરીનો ચહેરો જોતાંની સાથે પાગલ બન્યો. હજારો વર્ષો સુધી યુદ્ધ કરે છતાં પણ હાર ન આપે. સત્યલોક સુધી કીર્તિ ગવાય. આટલી તાકાતવાળો પરંતુ અહીં તાકાત ભૂલી ગયો. કામરૂપી શત્રુ અંદર પ્રવેશ્યો. માટે ભાન સાન વિનાનો થયો. જેમ દૂધમાં છાસનું ટીપું પડે તો દૂધ દહીંમાં પરિવર્તિત થઈ જાય. તેમ આ દાનવ બદલાઈ ગયો. અને કહે છે તું કોણ છો અને ક્યાંથી આવે છે? તારી ઓળખ આપ. મારી સાથે વાત કર. મારા જેવો તને જોવા નહીં મળ્યો હોય. મોહિની સમજે છે કે તેના મનમાં કામરૂપીભૂત વળગ્યું છે. મુર કહે છે મારી સાથે લગ્ન કર. તને જગતની મહારાણી બનાવી દઉં, સુખી થઈ જાઈશ. કન્યા હસતાં હસતાં કહે છે મારી એક પ્રતિજ્ઞા છે. મુર કહે શું? પ્રતિજ્ઞા છે જલ્દી બતાવો. તારી પ્રતિજ્ઞા પૂરી કરી આપું. કન્યા કહે મારી સાથે યુદ્ધ કરી મને જીતે તેની સાથે લગ્ન કરું. દૈત્ય કહે આવી જા મેદાનમાં યુદ્ધ કરવા તૈયાર છું. પરંતુ મૂર્ખ દૈત્યને ખબર નથી કે એક જીતશે તો એક હારશે એટલે કે મરશે. તો પછી લગ્ન કોની સાથે કરવાં? દાનવ બોલે મારી પાસે હથિયાર નથી યુદ્ધ શેનાથી કરવું. કન્યા કહે અરે ગભરાય છે શામાટે? હથિયાર હું આપું, તરત જ તલવાર આપી દીધી પછી તો પરસ્પર ભયંકર યુદ્ધ થયું. મોહિની દૈત્યના વાળ પકડી પોતાના હાથમાં રહેલી તલવારનો જોરદાર ઘા માર્યો. ત્યાં મુર દાનવનું માથું અને ધડ જુદાં થઈ ગયાં જોતજોતામાં પ્રાણ પંખેરું ઊડી ગયું. ત્યારે ભગવાન જાગૃત થયા. સ્વરૂપવાન સ્ત્રીને જોઈને પૂછે છે. તું કોણ છે? કન્યા બોલે પ્રભુ તમારા

૧૧ ઈન્દ્રિય માંથી પ્રગટ થઈ છું. ભગવાન રાજી થઈને કહે છે મારી પાસે વરદાન માંગ. કન્યા કહે મારું નામ એકાદશી રાખો મારા દિવસે કોઈ અનાજ ન ખાય અને જે ખાય તેને આખી પૃથ્વીનું પાપ લાગે. પ્રભુ કહે તથાસ્તુ. પુનઃએકાદશીને વિચાર આવ્યો ભગવાનની સેવાનો કેમ લાભ મળે? સાધનાને અંતે પ્રસન્ન થયેલા પ્રભુ કહે બીજું વરદાન માંગ. એકાદશી કહે જેમ લક્ષ્મીજી તથા રાધાજી ને તમારા શરીરમાં સ્થાન છે. તેમ મને પણ નિવાસ આપો. ભગવાન કહે બધી જગ્યાઓ પૂરાઈ ગઈ છે. ખાલી જગ્યા જ નથી. છતાં પણ રાજી થઈને મારા નેત્રમાં સ્થાન આપું છું. ત્યારથી પ્રભુ શેષશયામાં ચોમાસાના ચાર મહિના અષાઢ સુદ (દેવપોઢી) એકાદશીથી કારકત સુદ (પ્રબોધીની) એકાદશી સુધી. એકાદશીને ભગવાન નારાયણ નેત્રમાં નિવાસ આપી પોઢી જાય છે એકાદશી ખુશ થાય છે ત્યારથી ચોમાસામાં નિયમ લેવામાં આવે છે દેવપોઢણીથી પ્રબોધની એકાદશી સુધી.

---

# ચાર પગથિયાં

લેખિકા : હસ્મિતા લાલજી વેકરીયા

વ્હાલા ભક્તો! આપણે સૌ કેવા ભાગ્યશાળી છીએ કે આપણને સૌને આ ભરતખંડમાં દેવોને પણ દુર્લભ એવો મોંઘો મનુષ્યનો દેહ મળ્યો. વળી શ્રી નરનારાયણદેવ જેવા મહાન દેવ મળ્યા. આ ભારતખંડ એ ઋષિમુનિઓનો પવિત્ર દેશ કહેવાય. એ ઋષિમુનિઓ આપણને વારસામાં કેવી અદ્ભુત અને અમૂલ્ય એવી સંસ્કૃતિ અને સંસ્કાર આપી ગયા છે. પરંતુ તે સંસ્કૃતિનું રક્ષણ કરવું એ આપણા સૌ નાગરિકોની ફરજ છે. પરંતુ સંસ્કૃતિ ધીમે ધીમે નષ્ટ થવા લાગી છે તે ઘણી દુઃખજનક વાત છે. માટે આપણી સંસ્કૃતિ જતી ન રહે તે માટે પાણી પહેલા પાળ બાંધવી જોઈએ. આપણી સંસ્કૃતિમાં સૌપ્રથમ સંસ્કાર વિશે જાણીએ.

આપણા ભુજ નગરમાં નરોત્તમ કરીને એક શેઠ હતા. તેને કલાવતી કરીને એક દીકરી હતી. આ દીકરીને બાળપણમાં સારા સંસ્કાર મળેલા. દિવસો જતાં તે દીકરી યુવાન થઈ તેના પિતાએ તે દીકરીને માંડવી નગરનાં ધનપાલ શેઠના દિકરા સાથે પરણાવી.

દીકરીને સાસરે વળાવતા નરોત્તમ શેઠ સૌના સંભાળતાં જ એને કહ્યું કે ‘‘દીકરી ચાર પગથિયાં ભૂલતી નહિ’’ એ પગથિયાં ચઢીને મહેલમા પુગાશે!

આમ કહીને એમણે દીકરીના માથા પર હાથ મૂકીને કહ્યું કે પહેલું પગથિયું એ કે ‘‘ઘરની વાત બહાર લઈ જવી નહીં અને બહારની વાત ઘરમાં લાવવી નહીં.

બીજું પગથિયું એ છે કે ‘‘ગાજે તે ભેડા ગાજવું નહીં, વાદળા ગર્જે ત્યારે કાન બંધ કરવા અને ધજા દેખાય ત્યારે જીભ બંધ કરવી’’ ત્રીજું પગથિયું એ છે કે ‘‘દેખાય તોય દેખવું નહીં અને ન દેખાય તોય દેખવું.’’

ચોથું પગથિયું એ છે કે, ‘‘વાસી ધનની વાહ વાહ પણ નવાં ધનની બલિહારી’’ દીકરી કલાવતીએ પિતાના ચરણોમાં પ્રણામ કરી તેમની આજ્ઞા માથે ચડાવી. ધનપાલ શેઠ આ શિખામણ સાંભળતા હતા, પણ એમને શિખામણમાં કંઈ દમ લાગ્યો નહીં. ઢંગ વગરનું મો વિનાના માથા વગરનું લાગ્યું. કલાવતી સાસરે આવી. ઘરનું તમામ કામકાજ એણે ઉપાડી લીધું. સસરાજી જમવા બેસે ત્યારે એ એમની સેવામાં હાજર જ હોય. એવી રીતે દિવસો પસાર થવા લાગ્યા.

એવામાં એક દિવસ સાધુ એમના ઘરના

આંગણે આવી ને ભિક્ષાપાત્ર ધરીને ઊભા. ધનપાલ શેઠ તે વખતે જમવા બેઠા હતા. તેમણે જરી સાધુની સામે નજર કરી લઈ જમવામાં મન પરોવ્યું. કલાવતીને મનથી એમ કે હમણાં શેઠ સાધુને કંઈ આપવાનું કહશે પણ શેઠ કશું જ બોલ્યા નહીં. આમ ઘણો વખત ગયો. સાધુએ ફરી ભિક્ષાની ટહેલ કરી. પણ શેઠ કંઈ બોલ્યા નહીં. ત્રીજી વાર ટહેલ કરી તો પણ શેઠ ચુપ જ રહ્યા. ત્યારે કલાવતીથી રહેવાયું નહીં તેણે કહ્યું સાધુ બીજે ઘરે જાઓ. અહીં બધા વાસી ધન ખાનારા છે. સાધુ તરત ચાલ્યા ગયા પણ શેઠ ભાણું ઠેલીને એકદમ ઊભા થઈ ગયા. ને આવેશમાં આવી ગયા. ને કલાવતી સામે જોઈ વીજળીના જબકાની પેઠે બોલ્યા ''વાસી ધન ખાનારા'' કહીને તું અમારું અપમાન કરે છે. હવે એક ઘડી પણ તું મારા ઘેર નહીં તરત જ શેઠે નાતના આગેવાનોને બોલાવી ને કહી દીધું મારે આ વહું નહીં જોઈએ. આગેવાનોએ કલાવતીને કહ્યું દીકરી આવી સમજૂ થઈને તે શેઠ ને વાસી ધન ખાનારા કેમ કહ્યા? કલાવતીએ નમ્રતાપૂર્વક કહ્યું કે એમનું અપમાન કરવા માટે એવું નથી બોલી. મારું કહેવું એમ છે કે, ''આજે મારા સસરાજી જે ધન વૈભવ ભોગવે છે તેમના પૂર્વ જન્મના સત્કર્મના પ્રતાપે છે. પૂર્વ જન્મનું સત્કર્મ એટલે અગાઉનું રાખેલું ધાન. એ વાસી ધન કહેવાય.

સંત સેવા, અતિથિ સેવા, દીન-દરિદ્રીની સેવા, વગેરે એવા નવાં સત્કર્મો કરીએ એ નવું ધન વાવ્યું કહેવાય. પરંતુ એવું ન વાવીએ અને માત્ર વાસી ધન પર જ રહીએ તો એ ધન ખવાઈ ગયા પછી શું? કારણ કે વાસીનો વૈભવ વામણો છે પણ નવા ધનની બલિહારી છે. આથી અમારે આંગણે આવેલ સાધુ ભિક્ષા વિના ગયા ત્યારે મને બહુ લાગી આવ્યું. એટલે મારાથી બોલાઈ ગયું કે, ''મારા સસરાજી વાસી ધન ખાનાર છે.'' મારા એ અવિવેકની હું માફી માગું છું.

આ સાંભળીને નાતના આગેવાનો બોલે તે પહેલાં ધનપાલ શેઠે પોતે જ બોલિ ઉઠયા. અવિનય તમારો નથી થયો એ તો મારે જ થયો છે. હું તમારી માફી માગું છું એકદમ અચાનક વાતાવરણ બદલાઈ ગયું.

નાતના આગેવાનો કલાવતીને કહ્યું, દીકરી! તારી વાત બહુ સમજવા જેવી છે. ખરેખર! વાસીનો વૈભવ વામણો ને નવા ધનની જ બલિહારી છે. વળી ફરી ધનપાલ શેઠ કહ્યું ''તારા બાપની એક શિખામણમાં આટલું સમજવાનું છે તો ચાર શિખામણમાં કેટલું બધું હશે! માટે એ ચારે શિખામણનો અર્થ અમને કહો. કલાવતીએ કહ્યું, ''હું કંઈ મને હોશિયાર સમજતી નથી, પણ તમે આજ્ઞા કરો છો તો હું જેવું સમજુ છું તેવું તમને કહું છું.

મારા પિતાએ પહેલી શિખામણમાં એમ કહ્યું કે, ''ઘરની આગ બહાર લઈ જવી નહીં અને બહારની આગ ઘરમાં લાવવી નહીં'' તેનો અર્થ એ છે કે ઘરમાં કાંઈ મતભેદ થાય, કજિયા,કંકાસ થાય તો બહાર કોઇને એની વાત કરવી નહીં અને બહાર કોઈ આપણા ઘર વિશે ઘસાતું બોલતું હોય ઘરમાં એની વાત કરીને કંકાસ, કજિયા ઉભો કરવો નહીં. પરંતુ આપણે સૌ જાણીએ જ છીએ કે આજે કંકાસનું કારણ પણ એ છે કે આપણે બહારની આગ ઘરમાં લાવીએ છીએ ઘરની બહાર લઈ જઈએ છીએ. માટે આવી આગો કે અગ્નિને ત્યાં જ ઓલાવી નાખીએ તો કંકાસ ઊભા ન થાય ને ઘરમાં સંપ અને શાંતિ જળવાઈ રહે.

મારા પિતાની બીજી શિખામણ એ હતી કે, ''ગાજે તે ભેળા ગાજવું નહીં, વાદળા ગાજે ત્યારે કાન બંધ કરવા અને ધજા દેખાય ત્યારે જીભ બંધ કરવી'' એનો અર્થ એ છે કે, કંયાક બોલા-ચાલી, ગાળા-ગાળી થતી હોય કે સત્સંગનું કે દેવનું ઘસાતું બોલાતું હોય તો તેમાં ભાગ લેવો નહીં અને એવું સાંભળવું પણ નહીં. અને ધજા દેખાય એટલે કે વડીલો કે કોઈ માનપાત્રની

હાજરી હોય ત્યાં અદબસર મૌન સેવવું. એ વડીલો જે કાંઈ વચનો કહે તે આપણને યોગ્ય હોય અથવા અયોગ્ય હોય તો પણ તે સમયે મૌન ધારણ કરવું જોઈએ.

મારા પિતાની ત્રીજી શિખામણ એ છે કે "દેખાય તોય દેખવું નહીં, ન દેખાય તો પણ દેખવું." એનો અર્થ એ છે કે પારકાના દોષ દેખાય તોય ન દેખવા અને ગુણ ન દેખાય તો પણ દેખવા. પરંતુ આજે સમાજમાં માણસની દ્રષ્ટિ બદલાઈ છે. કોઈક વ્યક્તિમાં ૯૯ ગુણ હશે ને એક અવગુણ હશે તો ૯૯ ગુણ નહિ દેખાય પણ એક અવગુણને લઈને માણસનું પતન કરે છે. માટે આપણે સૌ આપણી દષ્ટીને સવડી કરીએ અને દરેક વ્યક્તિ કે વસ્તુ કે પદાર્થમાંથી ગુણ ગ્રહણ કરીએ પોતાના અવગુણને ત્યાગ કરીએ તો આપણામાં પણ એવા સારા ગુણ આવશે.

મારા પિતાની ચોથી શિખામણ એ છે કે, "વાસી ધનની વાહ વાહ! પણ નવા ધનની બલિહારી! એનો અર્થ એ છે કે, પાછલા જન્મોના સત્કર્મોનું ફળ ભોગવતા નવા સત્કર્મો કરતા રહેવું પણ એ આપ સૌ જાણો છો! છેલ્લે કલાવતી કહ્યું, "મારા પિતાએ આ ચાર શિખામણ ને સુખી ગૃહસ્થાશ્રમમાં ચાર પગથિયાં કહે છે. એ પગથિયાં પાર કરીને જ સુખના મહેલમાં પુગાએ છે" આ સાંભળીને બધા ખુશ ખુશ થઈ ગયા.

પછી ધનપાલ શેઠે કહ્યું કે, દીકરી! આજથી આ ઘરનો તમામ કારભાર હું તને સોપું છું. તારે જેટલી સાધુ-સંતોની, અતિથિ, અભ્યાગતોની અને દિન-દ્રરીદ્રોની સેવા કરવી હોય, તેટલી કરજે. તારા બાપની આ શિખામણને અત્યાર સુધી હું તો ઢંગધડા વિનાની અને મો વિનાના માથા જેવી સમજતો હતો, પણ હવે મને એમ લાગે છે કે, આતો એક-એક ગૃહસ્થના ઘરના બારણે સોનાના અક્ષરે લખી રાખવા જેવી છે. પરંતુ ભક્તો ઘરના બારણે નહીં લખી શકો એ પણ હું તો એમ માનું છું કે, "શરીર રૂપી ઘરમાં અને હૃદયરૂપી દરવાજે સોનાના અક્ષરે લખી રાખવી જોઈએ."

ભક્તો દુઃખ જનક વાત તો એ છે કે આજે સમાજનો માનવી આવી પવિત્ર સંસ્કૃતિને ભૂલીને પશ્ચિમી સંસ્કૃતિને અપનાવીને દુઃખી થાય છે. માટે આપણે સૌ આપણી મૂળ પવિત્ર સંસ્કૃતિને પાછી લાવીએ અને તેનું સારી રીતે જતન કરીએ અને તેનું રક્ષણ કરીએ. હું તો એવું માનું છું કે દરેક માતા-પિતાએ ધ્યાન જરૂર રાખજો કે પોતાની દીકરીને સાસરે વળાવતી વેળાએ અને કન્યાદાનમાં બીજી કોઈ પણ વસ્તુ, કે પદાર્થ કે પૈસા ઓછા વધુ હશે તો ચાલશે પણ સૌપ્રથમ દિકરીને કન્યાદાનમાં કલાવતી જેવા રૂડા સંસ્કાર આપીને પછી જ વિદાય આપજો. જો દરેક વ્યક્તિ આપણા રૂડા ગુણને સંસ્કાર પોતાના જીવનમાં ઉતારે તો આજે સમાજ ઉજળો બની જાય છે. દરેક ગૃહસ્થના ઘરે એ ઘર નહિ પણ સ્વર્ગ જેવા રળિયામણાં બની જાય. આપણા સૌના જીવનમાં આવા સારા સંસ્કાર, સદ્‌ગુણ અને સંપ વધુ ને વધુ આવતા રહે એ જ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

## ખાશા કરીને ગ્રાહકો માટે અગત્યની સૂચના

શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશના ગ્રાહકોને જણાવવાનું કે કોરોના વાયરસને કારણે પોસ્ટ વિદેશનું બંધ હોવાથી'ધર્મસંદેશ' વોટ્સએપથી મેળવવા આપ આપનું નામ, ગ્રાહક નંબર (અંકના કવર - રેપર પર દર્શાવેલ હોય છે) ગામનું નામ અને આપના મોબાઈલ નંબર વિના વિલંબો (૭૫૬૭૬૦૪૦૦૦) આ નંબર ઉપર મોકલી આપશો. જેથી આપના ફોનમાંજ આ ધર્મસંદેશ અંક મોકલી આપવામાં આવશે.

# સત્સંગ સમાચાર દેશ

## વાવાઝોડાગ્રસ્તોની વહારે ભુજ મંદિર

સંકટ અને સમસ્યાઓના સમયે શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના સંતો સહૃદયી સંવાહકો અને સેવાભાવી સત્સંગીઓ, સ્વયં સેવકો સદાય સાથ-સહકાર અને સહાય માટે સજ્જ હોય છે. પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ્વામી સ.ગુ. સ્વામી ભાગવદ્‌જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજીભગત આદિ વડીલ સંતોની આજ્ઞા એવં આશીર્વાદ અને પ્રેરણાથી ભુજ મંદિરના સંતો કોઠારી શુકદેવસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી આદિ સંતો તથા ટ્રસ્ટી પ.ભ. શ્રી દેવશીભાઈ હિરાણી, પ.ભ.રામજીભાઈ દબાસીયા, પ.ભ. નિલેશભાઈ પટેલ,પ.ભ.રમેશભાઈ તથા ગઢડા મંદિરના ચેરમેન સ્વામી હરિજીવનદાસજીએ અને અન્ય સંતો હરિભક્તો, સ્વયંસેવકો સાથે વાવાઝોડા અસરગ્રસ્ત વિસ્તારો રાજુલા, પીપાવાવ, રામપુરા, દેવળા, શિયાલબેટ ટાપુ વગેરે ક્ષતીપામેલા સ્થળોની જાત મુલાકાત લઈ લોકોને હૈયાધારણા આપી સધીવારો આપ્યો હતો. ઉપરાંત જેમના મકાનોમાં નળિયા ઉડી ગયા હતા તેનો સર્વે કરીને આવા નુકસાન પામેલા ઓમા ૭૫ હજાર જેટલા નળિયાનું વિતરણ કરી સહાય કરી હતી. માથા પરની છત જતાં મુશ્કેલીમાં મૂકાઇ ગયેલા લોકોને નળિયાની મદદ મળતાં એક આશરો મળ્યો હોય તેવી અનુભૂતિ વ્યક્ત કરી હતી. ભુજ મંદિર પ્રત્યે અહોભાવ પ્રગટ કર્યો હતો.

## ભુજ મંદિર દ્વારા રાશન વિતરણ

ભુજ મંદિરના સદૈવ વંદનીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી નારાયણ સરોવર મધ્યે આવેલ શ્રી રામ વૃદ્ધાશ્રમના ૨૨ જેટલા વૃદ્ધોને ભુજ મંદિર દ્વારા રાશન અર્પણ કરવામાં આવેલ. રાશનમાં ઘઉં, ચોખા, તેલ, તુવેરદાળ, મગનીદાળ, વગેરે સારા પ્રમાણમાં રાશન ઉપરાંત ભાવનગરી ગાંઠિયા, પાપડી, મોહનથાળ વગેરે નાસ્તો ઉપરાંત પેરિસ, સફરજન વગેરે ફળનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાકભાજી પણ આપવામાં આવેલ હતા. આરામ કરવામાં માટે ચટાઈ પણ આવવામાં આવેલ હતી. વધુમાં રામવાડામાં પણ શાકભાજી, મમરા બિસ્કીટ વગેરે નાસ્તો પણ આપેલ હતો.

સ્વામી ભક્તિચરણદાસજી તથા સ્વામી સરયુદાસજીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ આ વિતરણ થયું હતું. પ.ભ. સર્વ શ્રી મુકેશભાઈ શિવજી, ધીરજભાઈ લાલજી, શિવજીભાઇ હરજી આદિ હરિભક્તએ સંતો સાથે રહી સહયોગ આપ્યો હતો.

## તુલસી પૂજન

જેઠ સુદ-૫ તા. ૧૫-૦૪-૨૦૨૧ ના રોજ શ્રી નરનારાયણઆદિ દેવોના મંદિરમાં તુલસી વૃક્ષો દ્વારા વૃંદાવન ખડું કરવામાં આવ્યું હતું. બપોર પછી ૫ થી ૬ આખા વર્ષ દરમિયાન થયેલ તુલસીપત્ર દ્વારા પૂજન મહિનામાં ૨ વાર થતું આવ્યું હોવાથી અને આ વર્તમાન સંતોના મંડળની સેવોનો છેલ્લો દિવસ હોવાથી વિશેષ ૧ લાખ તુલસીપત્ર દ્વારા સંતો, સાંખ્યયોગી, કર્મયોગી બહેનો હરિભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું. પૂજનમાં મંડળના મંડળધારી સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, સ્વામી હરિબળદાસજી સાથે પૂજ્ય મહંત સ્વામી તથા ઉપમહંત સ્વામી જોડાયા હતા.

મહિનામાં સુદ-૯ હરિજયંતી, અને અમાસના જે જે ભક્તો પોતાની વાડીમાંથી પત્રો લાવવાની સેવા કરનાર ભક્તો પણ પૂજનમાં જોડાયા હતા. અતિ

ભવ્યતા સાથે સ્વામી રાઘવમુનીદાસજી એ શ્રી વિષ્ણુસહસ્ત્રનામ દ્વારા ૧૦૦૦ મંત્રોથી પૂજન કરાવ્યું હતું.

છેલ્લે પૂજારી સંતો તથા વર્ષ દરમિયાન પૂજનમાં જોડાયેલા સંતો-ભક્તોએ પ્રાર્થના કરી હતી કે વર્ષમાં ક્યારેય જાણે અજાણે પૂજનમાં નાની-મોટી અધુરાશ અને ક્ષતી થઈ હોય તો ક્ષમ્ય ગણી અમારી ભાવનાને સ્વીકારજો અને અમારા ઉપર તેમજ સમગ્ર કચ્છના ભક્તો ઉપર રાજી રહી એમના સંકલ્પ પૂર્ણ કરી તમારામાં વધુને વધુ હેત થાય એવી કૃપા કરવા પ્રાર્થના કરવામાં આવી હતી.

છેલ્લે સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીના સંબોધન બાદ સંધ્યા આરતી સાથે પૂજન પૂર્ણ થયું હતું. તુલસીના રોપા આવેલ ભક્તો પોતાને ઘેર સ્મૃતિમાં લઈ ગયા હતા.

## ભુજ મંદિરમાં ૭ મંડળના સંતોની એક વર્ષ માટે સેવાની વરણી નીચે પ્રમાણે કરવામાં આવી હતી

આપણા ભુજ મંદિરની પરંપરાનુસાર પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ આપણા કચ્છ અને દેશ-વિદેશના સત્સંગ સંચાલન માટે અલગ-અલગ સંતમંડળને સંચાલન વ્યવસ્થા સોંપવા સંવત્ ૨૦૭૭ જેઠ સુદ-૧૨ તા.૨૨-૦૬-૨૦૨૧ મંગળવારના રોજ મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ.સ્વામી ભગવદ્જીવનદાસજી, સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ.પાર્ષદ જાદવજી ભગત આદિ વડિલ સંતોની ઉપસ્થિતીમા સર્વે સંતોની બેઠકમાં નીચે મુજબના મંડળધારી સંતોને દેશ-વિદેશ અને કચ્છ સત્સંગની સંભાળ માટે અલગ અલગ સેવા સોંપવામાં આવી હતી. તે નીચે મુજબના સંતો સંભાળશે.

- **ભુજ:** સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળને :
- શ્રી નરનારાયણાદિદેવોની સેવા પૂજા કરવી.
- આફ્રિકા ખંડમાં રહેતા હરિભક્તોને સત્સંગનો લાભ આપવા માટે પૂર્વ આફ્રિકાના દેશોમાં સત્સંગ વિચરણ.
- શ્રી સહજાનંદ ગુરુકુલનું સંચાલન કરવું. સંચાલક શાસ્ત્રી સ્વામી શ્રી ગોલોકવિહારિદાસજી.
- **માંડવી:** સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળને:
- શ્રી વૃંદાવન વિહારી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી ઘનશ્યામ મહારાજની સેવા પૂજા અને માંડવી વિસ્તારમાં કથાવાર્તા, ઉત્સવો પારાયણો ઉજવવી.
- કોઠારી શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી તથા રામપ્રિયદાસજી ફોન નંબર ૯૮૯૮૮૧૭૭૨૭.
- ઓસ્ટ્રેલિયા ખંડમાં રહેતા હરિભક્તોની સંભાળ માટે સત્સંગ વિચરણ.
- શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાપર (વાગડનું) સંચાલન કરવું. સંચાલક પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી
- **અંજાર:** સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી જેના મંડળને:
- શ્રી ઘનશ્યામ મહારાજની સેવા પૂજા તથા અંજાર વિસ્તારના સિનુગ્રા આદિ ગામોમાં કથાવાર્તા, ઉત્સવો પારાયણો ઉજવણી.
- **કોઠારી સ્વામી:** સંગીતકાર શ્રીજીનંદનદાસજી તથા પુ.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી-૯૪૨૯૮ ૮૨૫૨૫
- લંડન, કેન્ટન-હેરો તથા સ્ટેનમોર મંદિરના શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે યુ.કે.ના પ્રવાસે સત્સંગ વિચરણ.
- શ્રી હરિ તપોવન ગુરુકુળ ગંગાજી-રામપરનું સંચાલન કરવું. સંચાલક શા. સ્વામી દેવચરણદાસજી.
- **સુખપર દેશ:** સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીના મંડળને:-
- સુખપર દેશમાં આવતા ગામડાઓ સુખપર,

નરનારાયણનગર, મદનપુર, બળદીયા ઉ.વા., બળદીયા ની.વા., કુંદનપુર, કેરા, કોડકી, ભક્તિનગર, માનકુવા, ફોટડી, મુન્દ્રા, ગેલડા આદિ ગોમામાં કથા વાર્તા, પારાયણો ઉત્સવો ઉજવવા.

- શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન-ભાટ તથા અમદાવાદ કાલુપુર વિશ્રાંતિ ભવનનું સંચાલન કરવું. સંચાલક સ્વામી સંતજીવનદાસજી તથા સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી ફોન નં-૮૨૦૦૫૬૦૪૬૧
- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ગાંધીધામનું સંચાલન કરવું. સંચાલક પુરાણી સ્વામી મુકુતવલ્લભ દાસજી.
- **રામપર દેશઃ-** સ.ગુ. સ્વામી ભાગવદ્જીવન દાસજીના મંડળનેઃ-
- રામપર દેશમાં આવતા ગામડાઓ- મિરજાપર, સુરજપર, નારણપર ઉ.વા., નારણપર ની.વા., મેઘપર, ગોડપર, દહીંસરા, સરલી, રામપર ન.વા. રામપર જુ.ના.,સામત્રા, વેકરા, વાડાસર આદિ ગામોમાં કથા-વાર્તા,પારાયણો, ઉત્સવો ઉજવવા.
- શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન વિર્લપાર્લા મુંબઈનું સંચાલન કરવું. સંચાલક શા. સ્વામી નારાયણમુનીદાસજી-૯૪૨૮૯૪૬૧૩૧
- શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ માંડવીનું સંચલાન કરવું. સંચાલક શા. સ્વામી સંતસ્વરૂપ દાસજી, સ્વામી પૂર્ણપ્રકાશદાસજી.
- **પ્રસાદી મંદિર તથા અબડાસા દેશઃ** સ.ગુ. સ્વામી કેશવજીવનદાસજીના મંડળનેઃ-
- શ્રી ઘનશ્યામ મહારાજની સેવા પૂજા કરવી તથા અબડાસા દેશમાં આવતા ગામડાઓ-રવાપર, આમારા, ઘડાણી, નેત્રા, રસલીયા, દયાપર, દોલતપર, અંગીયા, સાથે ભારાસર, સુખપર-રોહા, આદિ ગોમામાં કથા-વાર્તા, પારાયણો ઉત્સવો ઉજવવા.
- કોઠારી પુ. સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી તથા સ્વામી સત્યસ્વરૂપદાસજી-૯૪૨૬૭૩૧૭૮૦
- વિલ્સડન લંડન આદિ મંદિરોના પાટોત્સવ ઉજવવા. યુ.કે.માં સત્સંગ વિચરણ.
- **વાગડ દેશઃ** સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજીના મંડળનેઃ
- વાગડ દેશમાં આવતા ગામડાઓ માધાપર, હરિપર, હીરાપર, ધાણેટી, દૂધઈ, ઈન્દ્રપ્રસ્થ, ધમડકા, ભચાઉ, નવાગામ, ખારોઈ, મનફરા, ચોબારી, આધાઈ, સરદારનગર, ચીરઈ, નવી ચીરઈ, ભીમાસર, રાપર, રત્નેશ્વર, ઉમીયા, નવાપરા, સેલારી, કલ્યાણપર, કંથકોટ, પદમપર આદિ ગામોમાં કથા-વાર્તા, ઉત્સવો, પારોયણો ઉજવવી.
- ભારત દેશમાં જ્યાં જ્યાં કચ્છના સત્સંગીઓ વસે છે ત્યાં સત્સંગ વિચરણ.
- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ નારણપરનું સંચાલન કરવું. સંચાલક સ.ગુ. સ્વામી નારાયણવલ્લભ દાસજી.
- **શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિર સંચાલકઃ** સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી તથા સ્વામી બ્રહ્મવિહારીદાસજી- (૦૨૮૩૨) ૨૨૭૩૩૧
- **નવનિર્માણધિન શ્રી સ્વામિનારાયણ મંદિર, રાપરઃ** પુ.સ્વામી કૃષ્ણપ્રિયદાસજી -૯૮૨૫૪૩૨૮૭૭
- **ભુજ મંદિરમાં સ્થાનિક સેવાની વરણી**
- **મુખ્ય કોઠારી**-ઉપમહંત સ.ગુ.સ્વામી ભગવદ્જીવનદાસજી
- **મુખ્ય કોઠારી**- પુરાણી સ્વામી દેવપ્રકાશદાસજી
- **મુખ્ય કોઠારી**- પુરાણી સ્વામી દેવસ્વરૂપદાસજી
- **કોઠારી**ઃ સ્વામી ધર્મજીવનદાસજી, સ્વામી નારાયણદાસજી, સ્વામી હરિપ્રસાદદાસજી
- **ભોજનાલય**ઃ પુ.સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, પુ.સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, પુ.સ્વામી

કૃષ્ણવિહારીદાસજી

- <u>પાકશાળા</u>: સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી હરિમુકુન્દદાસજી, સ્વામી હરિકેશવદાસજી, સ્વામી નારાયણપ્રિયદાસજી, સ્વામી વિજ્ઞાનદાસજી, સ્વામી ઉત્તમપ્રિયદાસજી, સ્વામી સત્સંગસેવકદાસજી, સ્વામી ભક્તિપ્રસાદદાસજી
- <u>ભંડાર</u>: સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, સ્વામી અક્ષરસ્વરૂપદાસજી, સ્વામી ઉત્તમચરણદાસજી
- <u>સહજાનંદ બાગ(લેર) અને નરનારાયણ દેવ બાગ (રેલડી)વાડી</u>: સ્વામી જગજીવનદાસજી, સ્વામી કૃષ્ણવિહારીદાસજી, સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી
- <u>ફૂલવાડી અને રાવલવાડી</u>: સ્વામી હરિસેવક દાસજી, સ્વામી દેવજીવનદાસજી, સ્વામી ધર્મપ્રિયદાસજી
- <u>ફૂલસેવા</u>: સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી જ્ઞાનપ્રિયદાસજી
- <u>લાઇટ</u>: સ્વામી શ્રીવલ્લભદાસજી
- <u>વોટર સપ્લાય</u>: સ્વામી નરનારાયણસ્વરૂપદાસજી

## શ્રી ઘનશ્યામ મહારાજનો ૧૧મો પાટોત્સવ ઉજવાયો

શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિરમાં વિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજનો ૧૧મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો હતો. આ નિમિત્તે શ્રીશતાનંદ સ્વામી વિરચિત શ્રીમત્ સત્સંગિજીવનગ્રન્થની પંચાહ્ન પારાયણનું આયોજન પ્રસાદી મંદિરના સભામંડપમાં થયું હતું. પ્રસાદી મંદિરના મંડળધારી સદ્‌ગુરુ સ્વામી નિરન્નમુક્તદાસજી તથા સદ્‌ગુરુ પુરાણી સ્વામી સ્વયંપ્રકાશદાસજી. સદ્‌ગુરુ પુરાણી સ્વામી મહાપુરુષ દાસજી, પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી હરિમુકુન્દદાસજી આદિક વડીલ સંતોના સાનિધ્યમાં પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કથા પારાયણ ગામ નારણપુર નિચલાવાસના પિતાશ્રી અ.નિ. લાલજીભાઇ શિવજીભાઇ તથા અ.નિ. પરબતભાઇ લાલજી વેકરીયા તથા સમસ્ત પરિવારના મોક્ષાર્થે હસ્તે હાલ કંપાલા રહેતા અરજણભાઇ પરબતભાઇ વેકરીયા તથા ભીમજી લાલજી વેકરીયા, નારણભાઇ લાલજીભાઇ વેકરીયા સમગ્ર વેકરીયા પરિવારે સાથે મળીને કથાનું આયોજન કર્યું હતું. કથાના વક્તા પુરાણી સ્વામી મહાપુરુષદાસજી, પુ. સ્વામી ભક્તવત્સલદાસજી, વક્તા પુરાણી સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી ઈશ્વરસ્વરૂપ દાસજી હતા. મુખ્ય મંદિરેથી મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવત્જીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી જગતપાવન દાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, પુરાણી સ્વામી રામસ્વરૂપદાસજી આદિ સંતો પધારી યજમાન પરિવારને આશીર્વાદ પાઠવ્યા હતા.

- આ વેકરીયા યજમાન પરિવર પ્રસાદી મંદિરમાં વિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીનરનારાયણ દેવ, શ્રી રાધાકૃષ્ણદેવના પાટોત્સવના યજમાન થયા હતા. સભા સંચાલન ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી તથા પુરાણી સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કર્યું હતું.

## પ્રસાદી મંદિરમાં સુવર્ણ આરતી અર્પણ

શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર ભુજમાં બિરાજમાન શ્રીનરનારાયણ દેવ, શ્રીરાધાકૃષ્ણદેવ તથા શ્રીઘનશ્યામ મહારાજની નિત્ય પાંચ વખત આરતી ઉતરે છે. તેનાં દર્શન કરીને એક ભક્ત અતિ પ્રસન્ન થયા અને સમગ્ર પરિવારે સાથે મળીને સંકલ્પ કર્યો કે આ પ્રસાદી મંદિરમાં મારે સુવર્ણ આરતી અર્પણ કરવી છે, તેથી સંતોની આગળ પોતાના શુભ સંકલ્પની વાત કરી ત્યારે સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણ દાસજી સ્વામીએ બળ આપ્યું અને સુવર્ણ આરતી તૈયાર

કરવામાં આવી. આ સુવર્ણ આરતી અર્પણ કરનાર ગામ બળદીયાના પ.ભ. કરશનભાઈ કાનજી વાલાણી. ધ.પ. રાધાબાઈ કરશન વાલાણી. હસ્તે પુત્ર કેશરાભાઈ કરશન વાલાણી ધ.પ. શાન્તાબેન કેશરા વાલાણી. પૌત્ર મહેશભાઈ કેશરા વાલાણી. ધ.પ. રક્ષાબેન મહેશ વાલાણી. આ વાલાણી પરિવારે તા. ૧૦-૬-૨૦૨૧ના રોજ સવારે શણગાર આરતીમાં હાજર રહીને મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણા સ્વામી ધર્મનંદનદાસજી તથા સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી તથા પ્રસાદી મંદિરના મંડળધારી સદ્‌ગુરુ સ્વામી નિરન્નમુક્તદાસજી આદિક વડીલ સંતોના હસ્તે સુવર્ણ આરતી અર્પણ કરી હતી અને એ જ દિવસે સુવર્ણ આરતીથી મહંત સ્વામીના હસ્તે દેવોની આરતી ઉતારવામાં આવી હતી.

## ઐશ્વર્યપ્રકાશ પંચાહ્ન પારાયણ

શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિરમા મંજુકેશાનંદ સ્વામી વિરચિત ઐશ્વર્યપ્રકાશ ગ્રન્થની પંચાહ પારાયણનું આયોજન પ્રસાદી મંદિરના સભામંડપમાં થયું હતું. પ્રસાદી મંદિરના મંડળધારી સદ્‌ગુરુ સ્વામી નિરન્નમુક્તદાસજી તથા સદ્‌ગુરુ પુરાણી સ્વામી સ્વયંપ્રકાશદાસજી. સદ્‌ગુરુ પુરાણી સ્વામી મહાપુરુષદાસજી આદિક વડીલ સંતોના સાનિધ્યમાં પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કથા પારાયણ ગામ સુખપુરના અ. નિ. લાલજીભાઈ રામજીભાઈ હિરાણી ગંગાસ્વરૂપ વેલબાઈ લાલજી હિરાણી, સુપુત્ર ધનજીભાઈ લાલજી સમગ્ર હિરાણી પરિવારે આયોજન કર્યું હતું. કથાના વક્તા પુ. સ્વામી ભક્તવત્સલદાસજી બીજા વક્તા પુરાણી સ્વામી શ્યામકૃષ્ણદાસજી હતા. મુખ્ય મંદિરેથી ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવત્જીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી જગતપાવનદાસજી, પુરાણી સ્વામી રામસ્વરૂપદાસજી આદિ સંતો પધારી યજમાન પરિવારને આશીર્વાદ પાઠવ્યા હતા.

યજમાન પરિવારે પ્રસાદી મંદિરમાં વિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજને સુર્વણની કિંમતી વીટીની ભેટ અર્પણ કરી હતી. આ અવસરે પ્રસાદી મંદિરના મંડળધારી સદ્‌ગુરુ સ્વામી નિરન્નમુક્તદાસજીના હસ્તે સૂવર્ણની વીટી અર્પણ કરવામાં આવી હતી. સભા સંચાલક કોઠારી પુરાણી સ્વામી હરિમુકુન્દદાસજી રહ્યા હતા.

## શ્રી ઘનશ્યામલીલામૃત પંચાહ્ન પારાયણ

શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિરમાં શ્રીભૂમાનંદ સ્વામી વિરચિત શ્રીઘનશ્યામલીલામૃત સાગરની પંચાહ્ન પારાયણનું આયોજન થયું હતું. પ્રસાદી મંદિરના મંડળધારી સદ્‌ગુરુ સ્વામી નિરન્નમુક્તદાસજી તથા સદ્‌ગુરુ પુરાણા સ્વામી સ્વયંપ્રકાશદાસજી. સદ્‌ગુરુ પુરાણી સ્વામી મહાપુરુષદાસજી આદિક વડીલ સંતોના સાનિધ્યમાં પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કથા પારાયણના યજમાન ગામ મદનપુરના પાધરા પરિવારના નારણભાઈ માવજીભાઈ પાધરા સહપરિવાર હતા. કથાના વક્તા પુ. સ્વામી ભક્તવત્સલદાસજી, શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારી દાસજી, સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી રહ્યા હતા. મુખ્ય મંદિરેથી સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવત્જીવનદાસજી, સ્વામી જગતપાવનદાસજી આદિ સંતો પધારી યજમાન પરિવારને આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલક સ્વામી હરિમુકુન્દદાસજી રહ્યા હતા.

## સુવર્ણ-નંગ જડીત ચાંદીની છડી અર્પણ

પ્રસાદી મંદિરમાં વિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજને સુવર્ણ - નંગ જડીત ચાંદીની છડી અર્પણ કરાઈ હતી. ભુજ મંદિરના મહંત સ્વામી ધર્મનંદન દાસજી તથા સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજી. તથા મંડળધારી સ્વામી નિરન્નમુક્તદાસજી આદિક સંતોના સાંનિધ્યમાં હિરાણી પરિવારના પરબતભાઈ ગોપાલ હિરાણી, ધ.પ. વેલબાઈ પરબત હિરાણી, સુપુત્ર

નારણભાઈ ધ.પ. જશુબેન નારણ હિરાણી સહ પરિવાર ગામ કોડકી તરફથી આ ચાંદીની છડી અર્પણ કરવામાં આવી હતી.

અહેવાલ સ્વામી સંતજીવનદાસજી - પ્રસાદી મંદિર

## ૧૨૩ મો વાર્ષિક પાટોત્સવ-માધાપર

તા. ૧૨-૦૬-૨૦૨૧ જેઠ સુદ-૨ થી તારીખ ૧૬-૦૬-૨૦૨૧ સુધી શ્રી સ્વામિનારાયણ મંદિર માધાપર નવાવાસનો ૧૨૩ મો વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પાંચ દિવસીય રાત્રી સભાનું આયોજન કરેલ હતું. તે પ્રસંગે ભુજ મંદિરના ઉપમહંત સ.ગુ.સ્વામી ભગવદ્જીવનદાસજીના મંડળના સંતો પધારી હરિબળગીતા ગ્રંથનું રસપાન કરાવી હરિભક્તને રાજી કરેલ હતા. પાટોત્સવ તથા કથા પ્રસંગના યજમાન પદે પ.ભ. જાદવજીભાઈ લાલજી વરસાણી, ધ.પ. શાંતાબેન સપરિવારે લાભ લીધો હતો

અહેવાલઃ- ભીમજીભાઈ મુરજી ભુડીયા

## અભિષેક, અન્નકૂટ એવં ફળકૂટ તથા મહાપૂજા, મહાઆરતી- અંજાર

સંવત્ ૨૦૭૭ અપરા એકાદશીએ તા.૬-૦૬-૨૦૨૧એ એક મહિના દરમ્યાન ઘનશ્યામ મહારાજને ડોલરીયા આદિ ફૂલોના શણગાર કરવામાં આવ્યા. તેમના ઉદ્યાપન સ્વરૂપે અભિષેક તથા અન્નકૂટ દર્શન સવારે કરાવવામાં આવેલ તેના યજમાન તરીકે અ.નિ.અમૃતલાલ ભવાનજી ઠક્કર તથા અ.નિ.નટવરલાલ મોહનભાઈ સોની પરિવાર-અંજાર રહેલ હતા.

અંજાર શ્રીસ્વામિનારાયણ નૂતન મંદિરમાં એક મહિના દરમ્યાન સંતોના વરદ્હસ્તે શોડષ ઉપચારથી મહાપૂજા કરવામાં આવી. તેમના ઉદ્યાપન સ્વરૂપે સાંજે ૪ વાગ્યે સમૂહ વિરાટ અદ્ભુત મહાપૂજા નિજ મંદિરમાં કરવામાં આવી ભુજ તથા સમગ્ર કચ્છથી સંતો પધારી આશીર્વાદ આપેલ હતા. અંજાર શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. સ્વામી ભક્તિપ્રિયદાસજી, સ.ગુ.નીલકંઠચરણદાસજી આદિ પૂ.વડિલ સંતો તથા કોઠારી પુ.સ્વામી નારાયણપ્રિયદાસજી કો. સ્વામી નારાયણદાસજી આદિ સંત મંડળના શુંભ સંકલ્પથી આ કાર્ય થયું હતુ, સંચાલકશ્રી તરીકે શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ ફરજ બાજાવેલ તથા વ્યવસ્થા સ્વામી ઘનશ્યામનંદનદાસજી આદિ સંતો-ભક્તો જોડાયેલ. આ ઉત્સવમાં આર્થિક સહયોગ આપનાર દેશ વિદેશના હજારો હરિભક્તો પ્રભુના કૃપાપાત્ર બન્યા હતા. તથા એનોંધવુ ઘટેકે ઓન લાઈન માસ દરમ્યાન પ્રસારણ થયુ હતુ, દુનીયા ભરના ભક્તોમુમુક્ષુઓને લાભ મળ્યો હતો.

## જૂના મંડળની વિદાય અને નવા મંડળના આગમન સન્માન સમારંભ

ભુજ સ્વામિનારાયણ મંદિરના મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી તા.૧૫.૦૬.૨૧, જેઠ સુદ પૂનમ અંજાર શ્રીસ્વામિનારાયણ મંદિરમાં પરંપરા મુજબ વર્ષ દરમ્યાન શ્રીઘનશ્યામ મહારાજની સેવામાં રહેલા મહંત સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી આદિ સંતોની બદલી થઈ તથા સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી આદિ સંત મંડળનું આગમન થયુ અને સેવા સંભાળી હતી. સન્માન સમારંભ સવારના ૮:૦૦ વાગ્યે સભા મંડપમાં રાખવામાં આવેલ. તેમા સંતો ભક્તોનું સન્માન થયેલ. તથા સંતો દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન સેવા આપેલ હરિભક્તો સન્માન કરવા નું તથા એ નોધવું ઘટેકે તા. ૧૩-૬ રવિવારે રાત્રે સત્સંગ સભાનું આયોજન થયેલ જેમા અંજારના હરિભકતો ભાઈઓ બાહેનો જોડાયેલ અને સત્સંગ,સન્માન તથા મહાપ્રસાદનું સફળ આયોજન થયેલ. બન્ને સભાના સંચાલકશ્રી તરીકે શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ

ખૂબસરસ ફરજ બજાવેલ.

આ કાર્યક્રમોને સફળ બનાવવા સંતો તથા સાં.યો. બહેનો તેમજ હરિભક્તો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

- અહેવાલ, ઠકકર મેહુલભાઈ પ્રવિણચંદ્ર (અંજાર).

## સુવર્ણ દ્વારા ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રીમદ ભાગવત સપ્તાહ પારાયણ-માંડવી

તારીખ ૦૯-૦૬-૨૦૨૧ થી ૧૫-૦૬-૨૦૨૧ દરમિયાન કોરોના મહામારીમાં અક્ષરધામ સીધાવેલા તમામ ભક્તોની સ્મૃતિરૂપે એવં સુખસય્યા સુર્વણ દ્વાર ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રીમદ્‌ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન થયું હતું. તારીખ ૦૯-૦૬-૨૦૨૧ ના સવારે ૦૭.૦૦ વાગે બહેનોના મંદિરથી વાજતે ગાજતે પોથીયાત્રા નીકળી સભામંડપમાં વિરામ પામી હતી. સવારે ૦૮:૦૦ કલાકે પૂ. કો. પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. ઉપમહંત સ્વામી ભાગવદ્‌જીવનદાસજી આદિક વડીલ સંતોના વરદ હસ્તે દિપપ્રાગટ્ય કરી પૂ. જાદવજી ભગત, ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવદાસજીએ ખૂબ રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ કથાના વકતા પદે શા. સ્વામી કૃષ્ણજીવનદાસજી, કો. પુ. સ્વામી હરિકૃષ્ણદાસજી, શા. સ્વામી આનંદવલ્લભદાસજી રહ્યા હતા, સંગીતકાર સ્વામી નીલકંઠમુનિદાસજીએ કથામાં ભરપૂર સંગીત આપી કથાને મધુર બનાવી હતી. જેમાં શ્રીરામ, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, રુકમણી વિવાહ આદિ પ્રસંગો પણ ઉજવ્યા હતા. આ સુવર્ણદ્વારના મુખ્ય યજમાન જાદવા રામજી ખીમાણી ગામ દહીસરા રહ્યા હતા. તથા કથાના મુખ્ય યજમાન માંડવીના તમામ સાંખ્યયોગી બહેનો તેમજ શિવજી રત્ના પાઘરા પરિવાર સુખપર રહયા હતા. આ પ્રસંગે સપ્તદિનાત્મક જનમંગલ યાગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૦૦ જનમંગલ નામાવલી દ્વારા આહૂતિ અપાઈ હતી. કુલ ૧૩૦૦૦૦ મંત્રોથી અપાઈ હતી. જેમાં ૫૦ કિલો ઘી, ૨૫ કિલો સરસવ, ૫૦ કિલો જવતલનો સમાવેશ થયો હતો. આચાર્ય અજયભાઈ પંડ્યાની નિશ્રામ કુલ ૬ ભુદેવોના માધ્યમથી યજ્ઞ સફળ નિવડયો. જેમાં ગણેશજી ષોડશ માતૃકા, નવગ્રહ, સિદ્ધેશ્વર મહાદેવ, મંડપ વાસ્તુ, બ્રહ્માજી તથા આવરણ દેવતા સહિત શ્રીજી મહારાજનું સ્થાપન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૧૮૫ પોથી ઉપર કુલ ૨૪ ભૂદેવો દ્વારા ભાગવત પોથીનું મુખ પઠન થયું હતું. તદ ઉપરાંત બહેનોના મંદિરમાં ૬૦ જેટલા સાં.યો.બહેનો એ શ્રીમદ્‌ સત્સંગિજીવન શાસ્ત્રનું મુખ પઠન કર્યું હતું. દરરોજ આ પ્રસંગે ભુજ, અંજાર, પ્રસાદી મંદિર, શૈક્ષણિક સંસ્થાઓમાંથી સંતોની વિશેષ હાજરી રહી હતી. તા.૧૪-૦૬-૨૦૨૧ ના સમગ્ર કચ્છચોવીસીમાં રહેતા સાંખ્યયોગી બહેનો તેમજ ભુજથી મહંત સાં.યો. સામબાઈ ફઈ પણ પધાર્યા હતા. તા.૧૪-૦૬-૨૦૨૧ ના પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજી પધારી મંડળના સર્વે સંતોને આશીર્વાદ પાઠવ્યા હતા, માંડવીનો સત્સંગ આવી સેવાઓના માધ્યમથી દિનપ્રતિદિન ઉજળો રહ્યો છે અને રહેશે એવું જણાવી કથા વિરામ પામ્યા બાદ સુવર્ણદ્વારનું ઉદ્‌ઘાટન એમના વરદ હસ્તે અન્ય સંતો તેમજ યજમાનશ્રીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યજ્ઞશાળામાં પધારી યજ્ઞનારાયણદેવને આહુતિ આપી નાળિયરનુંબીડુ હોમી યજ્ઞની સમાપ્તિ કરી હતી. ૠષિકુમારોને દક્ષિણા એવં આશીર્વાદ આપ્યા હતા. પવિત્ર ભૂદેવને યજમાનો દ્વારા પૂ. સાંખ્યયોગી બહેનો દ્વારા રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ મારવાડ વાસમાં પણ રહેતા શ્રમજીવીઓ માટે સંતો, ટ્રસ્ટીઓ અને યજમાનોએ જાતે જઈ કુલ ૨૭૦ ઘરપરિવારને રાશનની કીટ અર્પણ કરી હતી.

કથા પ્રસંગે બંને ટાઈમ સૂકા પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કથાના અંતિમ દિવસે માંડવી મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજીએ જણાવ્યું કે

સર્વે ભક્તોએ પોતાના સ્વજનોને ગુમાવ્યા તે પૈકીમાં આ સમગ્ર ભાગવતનું ફળ તેમજ યજ્ઞનું ફળ મુક્તઆત્માઓને તુલસીપત્રે અર્પણ કરી રહ્યા છીએ. સાથોસાથ ઉત્સવમાં જેમણે જેમણે સેવાઓ કરી તે બદલ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો. મંડળના તમામ સંતો પૂ. સ્વામી પ્રભુચરણદાસજી, પૂ. સ્વામી અક્ષરવલ્લભદાસજી, પૂ.સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, કો. સ્વામી હરિપ્રસાદદાસજી આદિ સંતોની ખૂબ સેવા રહી હતી. આ સમગ્ર કથાનું લાઈવ પ્રસારણ ભુજ મંદિરની યુટયૂબ ચેનલથી થયું હતું. જેનો સ્વામી ઘનશ્યામકેશવદાસજી તથા સ્વામી નૌતમપ્રકાશદાસજીએ કાર્ય સંભાળ્યું હતું.

અહેવાલ શાસ્ત્રી સ્વામી આનંદવલ્લભદાસજી

## આમ્ર ઉત્સવ

માંડવી મધ્યે વિરાજમાન શ્રીવૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રીઘનશ્યામ મહારાજ ની અસીમ કૃપા તથા માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સદગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદગુરુ સ્વામી હરિબળદાસજીના આશીર્વાદથી તારીખ ૨૧-૬-૨૧ સોમવાર જેઠ સુદ એકાદશીના રોજ શ્રીઠાકોરજીની સમક્ષ આમ્રોત્સવ રાખવામા આવેલ.

માંડવી મંદિરમાં અનેક નાના મોટા ઉત્સવ ઉજવાતા હોય છે. આ પ્રસંગે માંડવી વિસ્તારના સમસ્ત હરિભક્તોએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી. શ્રી હરિ તથા સંતોને રાજી કરવા માંડવી વિસ્તારના યુવક મંડળના યુવાનો ખાસ સેવા આપતા હોય છે. સંતો-પાર્ષદો તથા હરિભક્તોએ બે દિવસ અગાઉથી જ આ ઉત્સવ માટે કેરીની વ્યવસ્થા કરી હતી . અંતે માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી એ આશીર્વાદ આપ્યા હતા.

## કેસર જળ અભિષેક

તારીખ ૨૪-૦૬-૨૦૨૧ જેઠ સુદ પૂનમના દિવસે માંડવી મધ્યે વિરાજતા શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજના પરમ સાનિધ્યમાં મંગળા આરતી બાદ સંતોએ ઠાકોરજીનો કેસર જળ વડે અભિષેક કરેલો. દર વર્ષે ઉજવાતો આ પ્રસંગ સૌ હરિભક્તોએ ખૂબ વધાવ્યો અને હરિભક્તોએ દર્શનનો લાભ લીધો. તેમજ જલયાત્રા નો ઉત્સવ રાખવામાં આવેલો હતો. સંતો સાથે રહી યુવાનોએ સેવા બજાવી હતી.

આ ઉત્સવનું યજમાનપદ કલ્યાણ રામજી રાબડીયા, સુપ્રેમ, જયેશ તથા મીલન કલ્યાણ, રતનબેન કલ્યાણ માંડવી હાલે નૈરોબીના પરિવારે લીધું હતું.

છેલ્લે અભિષેકની પ્રસાદી સૌ હરિભક્તોએ લીધા બાદ આ ઉત્સવ ધામ ધામ થી પૂર્ણ થયો હતો.

## માંડવી મંદિરમાં તુલસી પૂજન

માંડવી મંદિરમાં ૧ વર્ષ માટે સ.ગુ.સ્વામી હરિજીવનદાસજીના મંડળની બદલી થતાં તા.૧૭-૦૬-૨૦૨૧ જેઠ સુદ-૭ના આવ્યું છે. મંડળધારી સંત સ.ગુ.સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળના સંતો ૧ વર્ષ સુધી શ્રી વૃન્દાન વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજ શ્રી ઘનશ્યામ મહારાજની સેવામાં રહેશે. ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ.સ્વામીના સાંનિધ્યમાં જૂના સંત મંડળને વિદાય અપાઈ હતી અને બદલીને આવેલા સંતમંડળને આવકારવામાં આવ્યા હતાં.

તા. ૧૭-૦૬-૨૦૨૧ના બદલી બાદ સ્વામીએ જાહેરાત કરી કે મહિનામાં ૨ વખત દર મહિનાની સુદ-૯ અને અમાવાસ્યા દિને ૧ હજાર તુલસીપત્ર દ્વારા શ્રી સર્વમંગલનામાવલી અને શ્રી વિષ્ણુસ્ત્રનામાવલી દ્વારા શ્રી ઠાકોરજીનું પૂજન કરવામાં આવશે.

જેઠ સુદ-૯ તા.૧૯-૦૬-૨૦૨૧ ના રોજ શ્રી સર્વમંગલનામાવલી દ્વારા શ્રી ઠાકોરજીનું પૂજન કરવામાં આવ્યું હતું.

કોઠારી સ્વામી સર્વમંગલદાસજી

## : શ્રીઘનશ્યામ બાળસંદેશ :-

# કચ્છ ભુજનો કાનુડો

લેખક :- શા.સ્વામી સંતસ્વરૂપદાસ

બાળમિત્રો ! જય શ્રીસ્વામિનારાયણ, શ્રીજીમહારાજને બાળકો બહુ વાહલા. નાના બાળકોની મા બની સંભાળ રાખે. બાળકને દુઃખી જોઈ તરત પાસે દોડીને જાય. પોતાનો વત્સલ્ય ભર્યો હાથ ફરવી બધી પીડા દૂર કરી નાખે. શ્રીહરિ બહુ દયાળુ અને પ્રેમાળ હતા. ચાલો, એવો એક ભુજનો પ્રસંગ વાંચીએ.

કચ્છમાં વિચરણ કરી શ્રીહરિ ભુજ નગર પધાર્યા. સુથાર ભગવાનજીને ઘેર પૂજા કરવાની ઓરડીમાં સભા કરી બિરાજમાન હતા. બાઈઓને ધર્મોપદેશ આપી રહ્યા હતા. દરરોજ તો સભામાં સંતો હોય તેથી બાઈઓને દૂર બેસવાનું હોય, પરંતુ આજે શ્રીહરિ ખાસ બહેનો હરિભકતોને જ દર્શન અને ઉપદેશ દેવા પધાર્યા હતા. તેથી બહેનો આગળ બેઠાં હતાં. એકાગ્ર મને મહારાજની વાણી સાંભળતાં હતાં.

તે સમયે ભગવાનજી સુતારનાં બહેન લક્ષ્મીબાઈ શ્રીહરિના દર્શને આવ્યાં. પોતાના બાળકને બાજુના રૂમમાં સુવડાવીને મહારાજના દર્શન કરી સભામાં બેઠાં. શ્રીહરિ ઉપદેશ આપી રહ્યા હતા. તેવામાં કોઈ બાળકના રડવાનો અવાજ સંભળાયો. શ્રીજી મહારાજ કથાવાર્તા અટકાવી અને પૂછયું : 'આ કોનું બાળક રડી રહ્યું છે ?' શ્રીહરિની મૂર્તિ માધુર્ય અને વાણી સાંભળવામાં તલ્લીન બહેનોએ કંઇ જવાબ આપ્યો નહીં. તેથી શ્રીહરિએ ફરી વાર પૂછ્યું : 'તમને કોઈ નાના બાળકનો રડવાનો અવાજ નથી સંભળાતો ?'

ત્યારે બાળકનું રુદન સાંભળી લક્ષ્મીબાઈ ઊભાં થયાં. શ્રીજી મહારાજે કહ્યું : 'બહેન ! જાઓ પહેલાં તમારા બાળકને શાંત કરો એમને ભૂખ લાગી હશે, પછી સભામાં બેસો.' લક્ષ્મીબાઈ ઝડપથી દોડીને પોતાના બાળક પાસે ગઈ. બાળકને ખોળામાં લીધું. છાતી સરસું ચાંપી તેની ભૂખ મિટાવી. થોડીવાર માટે બાળક શાંત થઈ ગયું. પરંતુ લક્ષ્મીબાઈ જેવાં સભામાં આવીને બેઠાં કે તરત જ બાળક ફરીથી રડવા લાગ્યું. શ્રીહરિએ ફરીથી લક્ષ્મીબાઈને બાળક પાસે જવા કહ્યું. લક્ષ્મીબાઈ બાળક પાસે ગયાં. બાળકને છાનો રાખવા ઘણા પ્રયત્નો કર્યા. આખરે બાળક રડતું બંધ થયું ખરું. પછી લક્ષ્મીબાઈ બાળકને જમીન પર સૂવડાવીને માથે કપડું ઓઢાડીને પાછાં સભામાં આવી બેસી ગયાં. પછી તો ઘણી વાર સુધી કથા-વાર્તા ચાલી. સૌએ શ્રીજીમહારાજનાં દર્શન અને વાણીનો ધરાઈને લાભ લીધો.

સભા પૂરી થઈ સૌ હરિભક્તો પોતપોતાને ઘેર જવા લાગ્યા. લક્ષ્મીબાઈને જતાં અટકાવી અને શ્રીજીમહારાજે પૂછ્યું : 'હવે તમારો બાળક રડતો કેમ નથી ?' ત્યારે બાઈએ કહ્યું : 'એ સૂઈ ગયો છે.' ભગવાન તો બધું જાણે.

શ્રીહરિ કહે : 'તમે તો આમારાં દર્શનનો લાભ લીધો, પરંતુ અમારે તમારા બાળકને પણ દર્શન દેવા છે. તો ચાલો, એ કયાં સૂતો છે ? એ બતાવો.' લક્ષ્મીબાઈ તો રાજીના રેડ થતાં તરત જ ઉતાવળા પગલે શ્રીજીમહારાજને પોતાના બાળક પાસે લઈ ગઈ. શ્રીહરિએ બાળક પર ઓઢાડેલું કપડું દૂર હટાવ્યું. બાળકને જોતાં જ શ્રીજીમહારાજને તેની હાલત પર દયા ઉપજી.

શ્રીજીમહારાજના મુખમાંથી દયાના ઉદ્ગારો સરી પડ્યા : 'અરેરે ! આ બાળક તો જાણે ભૂખે મરી રહ્યું હોય એમ લાગે છે, સાવ સૂકલકડી થઈ ગયું છે !' પછી લક્ષ્મીબાઈને ઠપકો આપતાં શ્રીહરિએ કહ્યું : 'તમે તમારા બાળકના ખોરાક-પાણીની સંભાળ કેમ રાખતા નથી ?' એમ કહીને શ્રીહરિ ત્યાં જ બેસીને બાળકને પોતાની ગોદમાં લીધું.

શ્રીજીમહારાજ ધીરે-ધીરે બાળકના માથા પર હાથ ફેરવવા લાગ્યા. શ્રીહરિના પ્રેમ સભર હાથનો સ્પર્શ થતાં જ બાળક ઝબકીને જાગ્યું અને શ્રહરિના મનોહર મુખ સામે ટગર-ટગર જોવા લાગ્યું. જેમ

કરમાઇ ગયેલા છોડને પાણી મળતાં તાજગી આવી જાય તેમ નિર્બળ થયેલા બાળકમાં શ્રીહરિનો સ્પર્શ થતાં નવી ચેતના મળી અને મંદ મંદ હસવા લાગ્યું

શ્રીહરિએ લક્ષ્મીબાઇને કહ્યું : 'જાવ ઘરમાંથી ખીચડી અને દૂધ લઇ આવો. આજે આ બાળકને અમે અમારા હાથે જમાડીશું.' લક્ષ્મીબાઇ તરત જ ખીચડી અને દૂધ લઇ આવ્યા. શ્રીહરિએ દૂધની સાથે ખીચડી ચોળી પોતાને હાથે બાળકને જમાડી. પછી બાળકને શ્રીહરિએ પાણી પાયું અને ઘોડિયામાં સૂવડાવ્યું.

પછી શ્રીહરિએ લક્ષ્મીબાઇને કહ્યું : 'આ બાળક તો માત્ર ભૂખે કરીને નબળો હતા. તેથી તેની ખાવા પીવાની ખાસ સંભાળ રાખજો અને હવે અમે એમનું નામ 'કાનુડો' પાડીએ છીએ. માટે હવે 'કાનુડો' કહીને બોલાવજો.' આમ કહીને શ્રીજીમહારાજ ભગવાનજીભાઇએ તૈયાર કરાવેલ થાળ જમવા પધાર્યા.

શ્રીજીમહારાજે બાળકની બે ભૂખ મટાડી, એક તો શરીરની અને બીજી આત્માની. આ બાળક પૂર્વ જન્મનો સંસ્કારી જીવ હતો. તેને શ્રીહરિનાં દર્શન અને પ્રસાદની ઇચ્છા હતી. તેથી જ મહારાજ તેમની પાસે જઇ ઇચ્છા પૂર્ણ કરી. ઘોડિયામાં આનંદથી રમતું - ખિલખિલાટ કરતું બાળક પણ ધન્યતા અનુભવી રહ્યું હતું, અને મનોમન શ્રીહરિનો આભાર માની રહ્યું હતું.

એક તરફ લક્ષ્મીબાઇને ખુશી સમાતી નહોતી. જ્યારે બીજી તરફ તેને દુઃખ પણ થયું હતું કે પોતે પોતાના બાળકની ખાસ સંભાળ રાખી શક્તાં ન હતાં. આજ તેમણે સંકલ્પ કર્યો કે બાળકની સારામાં સારી સંભાળ રાખીશ, સ્વસ્થ અને સંસ્કારી બનાવીશ.

જોયુંને બાળભક્તો ! મા ધ્યાન ન રાખે તેથી વિશેષ શ્રીજીમહારાજ તમારા જેવા બાળકોનું ધ્યાન રાખે છે. દરેક માત-પિતાએ પોતાના બાળકની શારીરીક અને માનસિક સંભાળ રાખવી. સારા સંસ્કારો આપવા. અને બાળકે પણ માત-પિતાની આજ્ઞામાં રહેવું.

---

# -: જ્ઞાન સરિતા :-

-: બીજાના ગુણ જોવાની સુટેવ :-

બાળમિત્રો, બીજાની ભૂલ કાઢવી એ એક મોટામાં મોટી કુટેવ ગણાય છે. પણ આપણા માટે એ એટલું સહજ થઇ ગયું છે કે આપણને ખબર હોવા છતાં આપણે એ ભૂલ કરતા હોઇએ છીએ. ખાસ કરીને જ્યારે આપણા ધાર્યા પ્રમાણે ન થતું હોય ત્યારે. આપણી કોઇ ભૂલ કાઢે એ આપણે જરાય સહન નથી કરી શકતા છતાં બીજાની ભૂલ કાઢવામાં આપણને જરાય ખચકાટ પણ થતો નથી. એ કેવું નવિન છે !

હવે બીજાની ભૂલ - અવગુણ લેવાથી આપણને એની શું અસર થાય છે. અને એના પરિણામ શું આવે છે એની સુંદર સમજણ શ્રીજીમહારાજે વચનામૃતમાં આપી છે.

શ્રીજીમહારાજ કહે : જે સાધુ કે હરિભકતનો અવગુણ લે છે તે ઘટતો જાય છે. સત્સંગમાંથી પાછો પડતો જાય છે. અને જે સાધુ-હરિભક્તમાંથી ગુણ લે છે, તેનું સત્સંગનું અંગ વૃદ્ધિ પામતું જાય છે ને તેની ભગવાનને વિષે ભક્તિ પણ વૃદ્ધિ પામે છે, માટે સાધુ-હરિભક્તોનો ગુણ જ લેવો અવગુણ તો ક્યારેય ન લેવો.

મિત્રો, ભગવાનના ભગત એવા જે તમારા જેવા બાળકો હોય એમના દોષો ન જોવા. સારા સારા ગુણો હોય તે જોવા અને એ પ્રમાણે કરવું.


પૂજા પાઠ વગેરે ભક્તિ કરતો હોય તો ભક્તિના ગુણો જોવા, વિનય, વિવેક આદિ સારા ગુણોથી યુક્ત હોય તો એમના સારા વર્તનના ગુણો જોવા શાળામાં સારો અભ્યાસ કરતો હોય તો વાંચન, ગૃહકાર્ય, શિક્ષકોને આદર આપવો વગેરે જે એમનામાં ગુણો હોય એ જોવા.

જેવું લેશો એવું મળશે, જેવું જોશો એવા થશો. માટે સારા થાવું હોય તો સારું લ્યો, સારું જુઓ..।

જો અવગુણ લે નહિ, તો તેને શુભ ગુણની દિવસ દિવસ પ્રત્યે વૃદ્ધિ થતી જાય છે. (વ.ગ.પ્ર.૫૩)

## -: ગણિત ગમ્મત :-

૧ થી ૧૯ અંકને એવી રીતે ગોઠવો કે એક લીટીમાં આવતા ૩ ગોળમાં રહેલો અંકોનો સરવાળો ૩૦ થાય.



## -: હસ્તા રહો :-

શિક્ષક : જૂનામાં જૂનું પ્રાણી કયું છે ? ગોગી : ઝિબ્રા શિક્ષક : ઝિબ્રા..! એ કેવી રીતે ?
ગોગી : કારણ કે એ 'બ્લેક એન્ડ વ્હાઈટ' છે.

---------

એક ભૂલક્કડ રસ્તા વચ્ચે ઊભો રહી લંચ બોક્સ ખોલીને જોતો હતો.
કોઈએ પૂછ્યું : કેમ લંચ બોક્સ ખોલીને જુઓ છો ?
એ નક્કી કરવા કે હું ઓફિસ જઈ રહ્યો છું કે ઓફિસેથી પાછો આવી રહ્યો છું.

---------

ડોકટર : ભાઈ, તને ખબર છે સીગરેટ એ ધીમું ઝેર છે ? દર્દી : તો મારે કયાં જલદી મરવું છે.

## શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| | |
|---|---|
| ૨૦૧ | કરસનભાઈ ઝીણા જેસાણી સપરિવાર શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - બળદીયા |
| ૫૫૫ | જશુબેન મનજી સિયાણી જન્મદિવસ નિમિતે ભેટ - ભક્તિનગર |
| ૧૫૧ | સ્મિતભાઈ મિતેશ વરસાણી જન્મદિવસ નિમિતે ભેટ - કેરા |
| ૫૦૦ | ન્યાલકરણભાઈ પંચાલ જન્મદિવસ નિમિતે ભેટ - નડિયાદ હાલે લંડન |
| ૫૦૦ | સાં.યો. સામબાઈ રવજી વેકરીયા અ.નિ.સાં.યો. લીરબાઈની પુણ્યસ્મૃતિમાં - નારણપર (ની.વા) |
| ૨૫૧ | જાદવજીભાઈ લાલજી વરસાણી માધાપર ગામના ૧૨ ઉમા વાર્ષિક પાટોત્સવ નિમિતે- માધાપર |
| ૫૦૦ | નારણભાઈ કુંવરજી વેકરીયા શ્રી ઘનશ્યામ મહારાજની પ્રસન્નતાર્થે- નારણપર |
| ૧૦૦૦ | કિરણ જેયંતીલાલ પટેલ લગ્ન પ્રસંગે શ્રી નરનારાયણદેવને ભેટ- સુરજપર |
| ૧૫૧ | ભાનુબોન શીવજી ધનાજી પિંડોરીયા શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે- માધાપર |
| ૧૫૧ | શીવજી ધનજી પિંડોરીયા શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - માધાપર |
| ૧૫૧ | નીતાબેન મનોહરન ભુવા શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - કોઈમ્બતુર |
| ૧૫૧ | મનોહરન ભીમજી ભુવા શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - કોઈમ્બતુર |
| ૧૫૧ | અ.નિ.ભીમજી કુંવરજી ભુવા શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે- કોઈમ્બતુર |
| ૧૫૧ | અ.નિ. ધનજી રામજી પિંડોરીયા શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - માધાપર |
| ૧૫૧ | રતનબાઈ ધનજી પિંડોરીયા શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે- માધાપર |
| ૫૦૦ | દેવકરણ રવા માતા નવી ગાડી લીધી તે નિમિતે- હિરાપર |








જેઠ સુદ પૂનમના દિવસે શ્રી ઠાકોરજીનો કેસરજળથી અભિષેક સાથે સુદ એકાદશીએ
આમ્રકૂટ ઉત્સવ તથા સુદ ૯ ના તુલસીપત્ર દ્વારા પૂજન - માંડવી







વૈશાખ વદ એકાદશીએ મહાપૂજા કથાના ઉથાપન નિમિત્તે સમૂહ મહાપૂજાનું ભવ્ય અને દિવ્ય આયોજન - અંજાર

RNI NO. GUJ/GUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Postal Regd. No. GKCH-158/2021-2023
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ / STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2021/UPTO 31-12-2021













જેઠ સુદ પૂનમના રોજ શ્રીઘનશ્યામ મહારાજનો કેસરજળ અભિષેક, આમ્રકૂટ ઉત્સવ,
તુલસી પત્ર દ્વારા પૂજન તથા ભવ્ય મહાઆરતીનું આયોજન - અંજાર